# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ

**બ્લોક નં. ૨, પહેલો માળ, કર્મયોગી ભવન, સેક્ટર – ૧૦-એ, ગાંધીનગર**

## જાહેરાત ક્રમાંકઃ૩૬૦/૨૦૨૫૨૬, સર્ચર(ફિંગર પ્રિન્ટ વિભાગ), વર્ગ–૩

## અંગેની વિગતવાર સૂચનાઓ

**(વેબસાઇટ એડ્રેસ : https://ojas.gujarat.gov.in અને https://gsssb.gujarat.gov.in)**

---

૧. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા **ગૃહ વિભાગ હસ્તકના ખાતાના વડા નિયામકશ્રી, ન્યાય સહાયક વિજ્ઞાનની કચેરી, ગાંધીનગર હસ્તકના સર્ચર (ફિંગર પ્રિન્ટ વિભાગ), વર્ગ–૩ સંવર્ગની કુલ–૦૪ જગ્યાઓ** સ્પર્ધાત્મક પરીક્ષા મારફતે સીધી ભરતીથી ભરવા માટેની પ્રક્રિયામાં પસંદગી/પ્રતિક્ષા યાદી તૈયાર કરવા માટે ઉમેદવારો પાસેથી **OJAS** વેબસાઇટ મારફત ઓનલાઇન અરજીપત્રકો મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારોએ **https://ojas.gujarat.gov.in** વેબસાઇટ પર **તા.૨૨/૦૯/૨૦૨૫ (બપોરના ૧૪:૦૦ કલાક) થી તા.૦૬/૧૦/૨૦૨૫ (સમય રાત્રિના ૨૩:૫૯ કલાક સુધી)** દરમિયાન ઓન–લાઇન અરજી કરવાની રહેશે.

૨. **અરજી કરવા માટેની વિગતવાર સૂચનાઓ સહિત આ સમગ્ર જાહેરાત દરેક ઉમેદવારે પ્રથમ ધ્યાનથી વાંચવી જરૂરી છે. જેથી ઉમેદવાર દ્વારા અરજીપત્રક ભરતા સમયે કોઈ ભૂલ/ખોટી વિગત દર્શાવવાનું ટાળી શકાય કે જેના કારણે ઉમેદવારી રદ થવાના પ્રશ્નો ઉપસ્થિત ન થાય.**

૩. ભરતી પ્રક્રિયા સંબંધેની તમામ સૂચનાઓ મંડળની વેબસાઇટ **https://gsssb.gujarat.gov.in** પર મૂકવામાં આવશે. તેથી સમયાંતરે મંડળની વેબસાઇટ અચૂક જોતાં રહેવું.

૪. ઓન–લાઇન અરજી કરતી વખતે ઉમેદવારોએ પોતાની શૈક્ષણિક લાયકાત, વય, જાતિ તેમજ અન્ય લાયકાતના બધાં જ અસલ પ્રમાણપત્રો પોતાની પાસે જ રાખવાનાં રહેશે અને અરજીપત્રકમાં તે પ્રમાણપત્રોમાં દર્શાવ્યા મુજબની જરૂરી વિગતો ભરવાની રહેશે. આમ, પોતાનાં બધાં જ પ્રમાણપત્રો જેવાં કે, શૈક્ષણિક લાયકાત, વય, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, કૅટેગરી (**SC/ST/SEBC/EWS**), દિવ્યાંગ (લાગુ પડતું હોય તો), માજી સૈનિક (લાગુ પડતું હોય તો) તેમજ અન્ય લાયકાતનાં અસલ પ્રમાણપત્રોને સાથે રાખીને ઓન–લાઇન અરજીમાં પોતાનાં પ્રમાણપત્રોને આધારે સાચી વિગતો ભરવાની રહે છે. અરજીમાંની ખોટી વિગતોને કારણે અરજી 'રદ' થવાપાત્ર બને છે. આથી, ઓનલાઇન અરજીપત્રક ઉમેદવારે કાળજીપૂર્વક ભરવાનું રહે છે.

### ૫. જગ્યાની વિગતો :–

**સંવર્ગવાર જગ્યાની વિગતો નીચે મુજબ છે.**

| કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | કુલ જગ્યાઓ પૈકી અનામત | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | બિન અનામત (સામાન્ય) | આર્થિક રીતે નબળા વર્ગ | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા. શૈ. પ. વર્ગ | બિન અનામત (સામાન્ય) | આર્થિક રીતે નબળા વર્ગ | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા. શૈ. પ. વર્ગ | શારીરિક અશકત (દિવ્યાંગ) | માજી સૈનિક |
| ૦૪ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ |

(૧) આ જાહેરાતમાં દર્શાવેલી જગ્યાઓમાં વધઘટ થવાની શક્યતા રહેલી હોઈ, જગ્યાઓમાં વધઘટ થઈ શકશે.

(૨) અનામત જગ્યાઓ મૂળ ગુજરાતના અનામત વર્ગના ઉમેદવારો માટે જ અનામત છે.

(૩) સામાન્ય વહીવટ વિભાગના તા.૧૧/૧૧/૨૦૧૪ના જાહેરનામા ક્રમાંક:સીઆરઆર/૧૦૯૬/૨૨/૧૩/ગ.૨(ભાગ–૧)ની જોગવાઈઓ ધ્યાને લઈને, મહિલાઓ માટે અનામત જગ્યાઓ રાખવામાં આવી છે. મહિલાઓની અનામત જગ્યાઓ માટે લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો, તે જગ્યા સંબંધિત કેટેગરી (બિનઅનામત, આર્થિક રીતે નબળા વર્ગ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ)ના પુરુષ ઉમેદવારથી ભરવામાં આવશે.

(૪) જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ, ફક્ત પુરુષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી. આ જગ્યાઓ પર પુરુષ તેમજ મહિલા ઉમેદવારોની પસદંગી ઉમેદવારોએ મેળવેલા માર્ક્સ/**Normalized** માર્ક્સના મેરિટ્સને ધ્યાને લઈ કરવામાં આવે છે. તેથી, આવી જગ્યાઓ માટે પુરુષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.

(૫) મંડળ દ્વારા **સર્ચર (ફિંગર પ્રિન્ટ વિભાગ)**, વર્ગ–૩ સંવર્ગની સીધી ભરતી અંગેની જાહેરાતમાં કુલ–૦૨ જગ્યા દિવ્યાંગ ઉમેદવારો માટે (ગ્રુપ–સી) માં દર્શાવેલ છે. આથી આ જાહેરાતમાં દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યાઓનો સમાવેશ કરવામાં આવેલ નથી. તે ધ્યાને લેતાં દિવ્યાંગ અનામતની જગ્યા ન હોય ત્યારે અનામત સિવાયની જગ્યા પર દિવ્યાંગ ઉમેદવાર ઉમેદવારી નોંધાવવા માંગે ત્યારે નીચે મુજબની દિવ્યાંગતા માન્ય રહેશે:

| **કુલ જગ્યાઓ** | **અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ** | **બધિર અને ઓછું સાંભળનાર** | **મગજના લકવો સહિત હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલા અને નબળા સ્નાયુ** | **સ્વલીનતા (Autism), બૌધ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શિખવાની અક્ષમતા અને માનસિક બીમારી** | **બહેરાશ–અંધત્વ સહિતની ખંડ (અ) થી (ડ) હેઠળની એક કરતાં વધારે પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ** |
|---|---|---|---|---|---|
| | **A** | **B** | **C** | **D** | **E** |
| **૦૦** | **૦૦** | **૦૦** | **૦૦** | **૦૦** | |
| | **-** | **D, HH(40-70%)** | **OA, OL, BA*, BL, OAL, CP, Dw, AAV, SD, SI** | **ASD (M), SLD** | **MD** |

**D**(Deaf), **HH**(Hard of Hearing), **OA**(One Arm), **OL**(One Leg), **BA***(Both Arm), **BL**(Both Leg), **OAL**(One Arm One Leg), **CP**(Cerebral Palsy), **Dw**(Dwarfism), **AAV**(Acid Attack Victim), **SD**(Spinal Deformity), **SI**(Spinal Injury), **ASD**((Autism Spectrum Disorder (**M**-Mild)), **SLD**(Specific Learning Disability), **MD**(Multiple Disabilities)

## BA* માટે ખાસ નોંધ:–

**BA*** પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોની નિમણૂંક સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૯/૦૬/૨૦૨૩ ના ઠરાવમાં ઠરાવેલ નીચે મુજબની શરતો અને જોગવાઇઓને આધિન રહેશે.

(૧) **BA*** (**બંને હાથ**) ની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ કોઇ કૃત્રિમ અવયવની મદદ સાથે કે વિના સામાન્ય વ્યક્તિની જેમ હલનચલન કરવા તેમજ ફરજ બજાવવા સક્ષમ હોવી જોઇશે.

(૨) આવા ઉમેદવાર લેખિત પરીક્ષામાં ઉત્તીર્ણ થાય ત્યારબાદ જે–તે સંવર્ગની ફરજોનાં સંદર્ભમાં આવા ઉમેદવાર માટે મેડીકલ બોર્ડનો અભિપ્રાય સંબંધિત વહીવટી વિભાગ દ્વારા મેળવવામાં આવશે.

આ અભિપ્રાયના આધારે ઉમેદવાર જે તે સંવર્ગમાં નિમણૂક માટે લાયક છે કે ગેરલાયક છે તે સંબંધિત વહીવટી વિભાગ/કચેરી દ્વારા નક્કી કરવામાં આવશે.

## ૬. નાગરિકત્વ:-

ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ અથવા ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ના નિયમ-૭ ની જોગવાઈ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતા હોવા જોઈએ.

## ૭. વયમર્યાદા:-

(૧) **તા.૦૬/૧૦/૨૦૨૫ ના રોજ ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહિ અને ૩૫** વર્ષથી વધુ ન હોવી જોઈએ;

ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી(સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે.

(૨) સામાન્ય વર્ગના મહિલા ઉમેદવારો, અનામત વર્ગના પુરુષ તથા મહિલા ઉમેદવારો, માજી સૈનિક, દિવ્યાંગ ઉમેદવારોને નીચે મુજબ નિયમોનુસાર **વયમર્યાદામાં છૂટછાટ** મળવાપાત્ર છે.

| **કેટેગરી** | **છૂટછાટ** | **મહત્તમ વયમર્યાદા** |
|---|---|---|
| સામાન્ય કેટેગરીનાં મહિલા ઉમેદવારોને | **૫ વર્ષ** | (મહત્તમ ૪૦ વર્ષની મર્યાદામાં) |
| અનામત કેટેગરીનાં પુરુષ ઉમેદવારોને | **૫ વર્ષ** | (મહત્તમ ૪૦ વર્ષની મર્યાદામાં) |
| અનામત કેટેગરીનાં મહિલા ઉમેદવારોને (૫+૫=૧૦) | **૧૦ વર્ષ** | (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| સામાન્ય કેટેગરીનાં દિવ્યાંગતા ધરાવતાં પુરુષ ઉમેદવારોને | **૧૦ વર્ષ** | (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| સામાન્ય કેટેગરીનાં દિવ્યાંગતા ધરાવતાં મહિલા ઉમેદવારોને (૧૦+૫=૧૫) | **૧૫ વર્ષ** | (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| અનામત કેટેગરીનાં દિવ્યાંગતા ધરાવતાં પુરુષ ઉમેદવારો (૫+૧૦=૧૫) | **૧૫ વર્ષ** | (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| અનામત કેટેગરીનાં દિવ્યાંગતા ધરાવતાં મહિલા ઉમેદવારો (૫+૧૦+૫=૨૦) | **૨૦ વર્ષ** | (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| માજી સૈનિક ઉમેદવારો | ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલી ફરજના સમયગાળા ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છૂટછાટ મળશે. | |

## ૮. પગારધોરણ:-

નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬, તા.૨૯/૦૪/૨૦૧૦, તા.૦૬/૧૦/૨૦૧૧ તથા તા.૨૦/૧૦/૨૦૧૪ના ઠરાવ ક્રમાંકઃખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧ તેમજ તા.૨૦/૧૦/૨૦૧૫ તથા તા.૧૮/૦૧/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંકઃ ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૨)/ઝ.૧ અને છેલ્લે તા.૧૮/૧૦/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંકઃ ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૪)/ઝ.૧ મુજબ પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિમાસ **રૂ.૨૬,૦૦૦/- ના** ફિક્સ પગારથી નિમણૂક અપાશે તેમજ ઉક્ત ઠરાવના અન્ય લાભો મળવાપાત્ર થશે.

સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩/૧૦/૨૦૧૫ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૧/૨૦૧૫/ ૩૧૨૯૧૧/ગ.૧ અને નાણા વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ના ઠરાવ ક્રમાંકઃખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-

૩)/ઝ.૧ તથા તા.૧૮/૦૧/૨૦૧૭ના ઠરાવમાં દર્શાવેલી બોલીઓ અને શરતોને આધીન, નિમાયેલા ઉમેદવાર પાંચ વર્ષના અંતે ઉમેદવારની સેવાઓ સંતોષકારક જણાયેથી સંબંધિત કચેરીમાં **સાતમા પગાર પંચના રૂ.૨૫,૫૦૦/– થી રૂ.૮૧,૧૦૦/– (લેવલ–૪)** ના પગારધોરણમાં નિયમિત નિમણૂક મેળવવાને પાત્ર થશે. તેમ છતાં, આ બાબત નામદાર સુપ્રીમ કોર્ટમાં દાખલ થયેલા **SLP No.14124/2012** અને **SLP No.14125/2012** ના ચુકાદાને આધીન રહેશે.

## ૯. શૈક્ષણિક લાયકાતની વિગતો:–

3(B) Posses, -

(I) a Bachelors Degree in Science obtained from any of the Universities established or Incorporated by or under the Central or a State Act in India; or any other educational institution recognised as such or declared to as deemed University under section 3 of the University Grants Commission Act, 1956; or possess an equivalent qualification recognised by the Government;

(II) physical fitness as specified in Appendix-I;

(III) the basic knowledge of computer application as prescribed in the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967;

(IV) the adequate knowledge of Gujarati or Hindi or both.

Appendix-I

**Norms to be taken into consideration by the Medical officer for fitness for male and female are as below:**

1. The candidate shall not be colour blind or squint.
2. The candidate shall possess the visual standard as below.

| | | Right eye | Left eye |
|---|---|---|---|
| (a) | Distant vision | **6/5** | **6/5 (shellon)** |
| (b) | Near vision | **0/5** | **0/5** |

**નોંધઃ-**

(૧) ઉપર દર્શાવેલ સંવર્ગના ભરતી નિયમોમાં નિયત થયેલી શૈક્ષણિક લાયકાતના અગત્યના મુદ્દાઓનો અરજીપત્રકમાં સમાવેશ કરવામાં આવેલ છે. પરંતુ, આખરી પસંદગી સમયે ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની તમામ જોગવાઈઓને ધ્યાને લેવામાં આવશે. ઉમેદવારે ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની તમામ વિગતો ધ્યાને લઈને જ ઉક્ત જાહેરાત માટે અરજીપત્રકમાં વિગતો ભરવાની રહેશે.

(૨) આ જાહેરાતની કોઈ પણ બાબતે અર્થઘટન સંબંધે ભરતી પ્રક્રિયા દરમિયાન કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તે અંગે સંબંધિત વિભાગ/ ખાતાના વડાની કચેરીનો પરામર્શ કરીને યોગ્ય તે નિર્ણય લેવામાં આવશે.

## ૧૦. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગો માટેના ઉમેદવારો માટેની સામાન્ય સૂચનાઓ :-

(૧) મૂળ ગુજરાતના સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારને જ ઉપલી વય મર્યાદામાં છૂટછાટ અને અનામત વર્ગો તરીકેના લાભો મળવાપાત્ર થશે.

(૨) આર્થિક રીતે નબળા વર્ગ, અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિ વર્ગની જગ્યા અનામત ન હોઈ તેવા ઉમેદવારો બિન અનામત જગ્યા પર અરજી કરી શકશે. તેઓને ઉપલી વય મર્યાદામાં છૂટછાટ અને અનામત વર્ગો તરીકેના લાભો મળવાપાત્ર થશે નહીં.

(૩) સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોએ તેઓની વિગતો અરજી પત્રકમાં અચૂક દર્શાવવાની રહેશે.

(૪) અનામત વર્ગના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ કેટેગરીના ઉમેદવારોએ જાતિ અંગેનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતોવખત નિયત કરેલ નમૂનામાં અને સક્ષમ સત્તાધિકારી પાસેથી મેળવેલું હોવું જોઇશે.

(૫) અનામત વર્ગના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરશે, તો આવા ઉમેદવારોને વયમર્યાદામાં કે અન્ય કોઈ છૂટછાટ મળશે નહિ.

(૬) ઉમેદવારે **Online** અરજીપત્રકમાં વિગતો ભરતી વખતે જાતિ (કેટેગરી) અંગે જે વિગત દર્શાવેલી હશે તે અરજીપત્રક **Confirm** થયેથી જાતિ (કેટેગરી)માં પાછળથી કોઈ ફેરફાર કરવાની વિનંતી ધ્યાને લેવામાં આવશે નહીં.

## ૧૧. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો:-

(૧) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (**SEBC**) ના ઉમેદવારોએ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩/ ૨૦૨૩-૨૪/૨૦૨૪-૨૫ ની આવકના આધારે ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૨૭/૦૪/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક: સસપ/ ૧૧૦૯/૧૬૬૩/અ થી રાજય સરકારની નોકરી માટે નિયત થયેલ પરિશિષ્ટ-૪ મુજબ ગુજરાતી નમૂનામાં નોન-ક્રીમીલેયર સર્ટિફિકેટ **તા.૦૧/૦૪/૨૦૨૩ થી અરજી સ્વીકારવાની છેલ્લી તા.૦૬/૧૦/૨૦૨૫** સુધીમાં મેળવેલું હોય તેવું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૧૮/૦૮/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક : સશપ/ ૧૨૨૦૧૭/૧૨૪૩૮૨/અ થી ઠરાવેલ જોગવાઈઓને ધ્યાને લેતાં ઉક્ત ૧૨(૧)માં દર્શાવેલ પરિશિષ્ટ-૪ મુજબના પ્રમાણપત્રના વિકલ્પે ઉમેદવારે **તા.૦૧/૦૪/૨૦૨૫ થી અરજી કરવાની**

**છેલ્લી તારીખ તા.૦૬/૧૦/૨૦૨૫** દરમિયાનમાં કેન્દ્ર સરકાર હેઠળની નોકરીઓમાં અનામત માટે ભારત સરકારે ઠરાવેલ **Annexure-A** મુજબના નમુનામાં મેળવેલું હોય તેવું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૩) ઉક્ત ૧૧(૧) અથવા ૧૧(૨) મુજબનું પ્રમાણપત્ર રજૂ કરેલ હશે તો જ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (**SEBC**) ના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં છૂટછાટનો લાભ મળશે અન્યથા તેઓ સામાન્ય કૅટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે અને તે કિસ્સામાં તેઓની પસંદગી થયેથી તેઓનો સમાવેશ સામાન્ય કૅટેગરીના ઉમેદવાર તરીકે કરવામાં આવશે.

(૪) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પરિણીત મહિલા ઉમેદવારે આવું નોન ક્રીમીલેયર પ્રમાણપત્ર તેમના માતા–પિતાની આવકના સંદર્ભમાં રજૂ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવું પ્રમાણપત્ર રજૂ કરેલ હશે તો તેની અરજી "રદ" કરવામાં આવશે.

(૫) ઉમેદવારે ઉક્ત ૧૧(૧) અથવા ૧૧(૨) મુજબ મેળવેલા અસલ પ્રમાણપત્રનો નંબર અને પ્રમાણપત્ર ઇશ્યૂ તારીખ ઓનલાઇન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે. ઉમેદવારે ઓનલાઇન અરજી કરતી વખતે જે નોન-ક્રીમીલેયર સર્ટિફિકેટની વિગતો જણાવેલ હોય તે જ પ્રમાણપત્ર ઉમેદવારોના પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજૂ કરવાનું રહેશે. જો આવા પ્રમાણપત્રમાં ભૂલ હોવાના કારણે ઉમેદવાર જાહેરાતની છેલ્લી તારીખ બાદનું નવું પ્રમાણપત્ર મેળવે તો આવું પ્રમાણપત્ર ધ્યાને લેવામાં આવશે નહિ. સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ નિયત સમયમર્યાદાનું પ્રમાણપત્ર રજૂ ન કરી શકનાર ઉમેદવારો બિનઅનામત ઉમેદવારો માટે નક્કી થયેલ વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની ઉમેદવારી રદ થશે.

## ૧૨. દિવ્યાંગ ઉમેદવારો:–

(૧) દિવ્યાંગ વર્ગના ઉમેદવારે બિનઅનામત જગ્યા માટે અરજી કરી હશે ત્યારે તેઓને બિનઅનામતનાં ધોરણો લાગુ પડશે.

(૨) જાહેરાતમાં દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યા દર્શાવેલી ન હોય, પરંતુ, જગ્યાની ફરજોને અનુરૂપ જે પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોને પાત્ર ગણેલા હોય, તેઓ તે જાહેરાત માટે અરજી કરી શકશે. આવા પ્રસંગે દિવ્યાંગ ઉમેદવારને સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૧૨/૨૦૦૮ના પરિપત્ર ક્રમાંકઃ પરચ/૧૦૨૦૦૮/૪૬૯૫૪૦/ગ.૨ થી નિયત થયેલા સુપરિન્ટેન્ડેન્ટ/ સિવિલ સર્જનના તબીબી પ્રમાણપત્રને આધીન રહીને ઉપલી વય મર્યાદામાં ૧૦ વર્ષની છૂટછાટ મળશે (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં). દિવ્યાંગ ઉમેદવારોએ **Online** ફોર્મમાં **Personal Details**માં પોતાની દિવ્યાંગતાની ટકાવારી અને વિગત દર્શાવવાની રહેશે.

(૩) દિવ્યાંગ ઉમેદવારો માટે સામાન્ય વહીવટ વિભાગના તા.૨૯/૦૨/૨૦૨૪ના પરિપત્ર ક્રમાંક: **GAD /PHA/e-file/1/2023/8017/G2**માં નિયત થયા મુજબ **The Rights of Persons with Disabilities Act, 2016** અમલી થતા બદલાતા સંજોગોમાં સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૧૨/૨૦૦૮ના બદલે દિવ્યાંગતાના પ્રમાણપત્ર સંબંધે ભારત સરકારની વખતોવખતની સૂચના/જોગવાઈ તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ, ગુજરાત સરકાર/ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગુજરાત સરકાર દ્વારા નિયત કરવામાં આવતી સૂચના અનુસાર દિવ્યાંગતા અંગેનું પ્રમાણપત્ર માન્ય રાખવામાં આવશે.

## ૧૩. વિધવા ઉમેદવારો:–

(૧) ઉમેદવાર વિધવા હોય તો અરજીપત્રકમાં તે કૉલમ સામે 'હા' અવશ્ય લખવું, અન્યથા 'લાગુ પડતું નથી એમ દર્શાવવું.

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૫/૧૯૯૭ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨માં નિર્દેશિત પ્રવર્તમાન નિયમો અનુસાર વિધવા મહિલા ઉમેદવારો માટે પસંદગીમાં અગ્રતા આપવા માટે તેઓને **MCQ-OMR / MCQ- Computer Based Response Test (CBRT)** પરીક્ષામાં મેળવેલા કુલ ગુણ/ **Normalized** ગુણના મેરિટ્સના આધારે મેળવેલા ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે, પરંતુ તેઓએ નિમણૂક સમયે પુનઃ લગ્ન કરેલાં ન હોવાં જોઈએ અને તે અંગે મંડળ માંગે ત્યારે તમામ પુરાવા અસલમાં રજૂ કરવાના રહેશે.

(નોંધઃ– ઉમેદવારોએ સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવેલા ગુણના ૫ (પાંચ) ટકા ઉમેરી મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે. જો કોઈ તબક્કે ઉમેદવાર પુનઃ લગ્ન કરેલાં ન હોવા અંગે તમામ પુરાવા અસલમાં રજૂ કરવા નિષ્ફળ રહેશે તો તેઓને આપવામાં આવેલ ૫ (પાંચ) ટકા ગુણનો વધારો રદ કરીને મેરીટ પુનઃ નક્કી કરવામાં આવશે.)

(૩) કોઈ મહિલા ઉમેદવાર જાહેરાત માટે અરજી કરે તે સમયે 'વિધવા' ન હોય, પરંતુ અરજી કર્યા બાદ અથવા જાહેરાત પ્રસિદ્ધ થયાની છેલ્લી તારીખ વીતી ગયા બાદ અથવા ભરતી પ્રક્રિયાના કોઈ પણ તબક્કે 'વિધવા' બને અને તે અંગે જરૂરી દસ્તાવેજ/પુરાવાઓ રજૂ કરે તો તેની રજૂઆત મળ્યા તારીખ પછીના ભરતી પ્રક્રિયાના જે પણ તબક્કા બાકી હોય તે તબક્કાથી જ તેવા મહિલા ઉમેદવારોને 'વિધવા મહિલા ઉમેદવાર' તરીકેના લાભ આપવામાં આવશે.

## ૧૪. માન્ય રમત ગમતના વધારાના ગુણ મેળવવા માટેની લાયકાત:–

(૧) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૧/૦૨/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૨૦૧૩/૨૪૨૭૯૨/ગ.૨ થી ઠરાવેલ જોગવાઈ અનુસાર ઍથ્લેટિક્સ (ટ્રેક અને ફિલ્ડ રમતો સહિત), બેડમિન્ટન, બાસ્કેટબૉલ, ક્રિકેટ, ફૂટબૉલ, હોકી, સ્વિમિંગ, ટેબલ ટેનિસ, વૉલીબૉલ, ટેનિસ, વેઇટલિફ્ટિંગ, રેસલિંગ, બોક્સિંગ, સાઇકલિંગ, જિમ્નેસ્ટિક્સ, જૂડો, રાઇફલ શૂટિંગ, કબડ્ડી, ખોખો, તીરંદાજી, ઘોડેસવારી, ગોળાફેંક, નૌકાસ્પર્ધા, શતરંજ, હેન્ડબોલની રમતો–ખેલકૂદમાં (i) રાષ્ટ્રીય / આંતરરાષ્ટ્રીય અથવા (ii) આંતર યુનિવર્સિટી અથવા (iii) અખિલ ભારત શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં માત્ર પ્રતિનિધિત્વ કરેલું હોય, તેવા ઉમેદવારને પસંદગીમાં અગ્રતા માટે તેમને **MCQ-OMR / MCQ- Computer Based Response Test (CBRT)** પરીક્ષામાં મેળવેલા ગુણ/ **Normalized** ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. તેથી ઉક્ત ત્રણ પૈકીની કોઇ એક સ્પર્ધામાં ઉમેદવારોએ ભાગ લીધેલો હોય તેવા જ ઉમેદવારોએ અરજીપત્રકમાં જરૂરી વિગતો દર્શાવવાની રહેશે. ઉક્ત ત્રણ સ્તર સિવાયની સ્પર્ધાઓમાં ભાગ લીધેલો હોય તો તેને અગ્રીમતા માટે માન્ય ગણવાની રહેતી ન હોવાથી, તેવા ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો દર્શાવવાની રહેશે નહીં. ઉક્ત ત્રણ સ્તર પૈકીની કોઇ એક સ્તરની સ્પર્ધાઓમાં ભાગ લીધેલા ઉમેદવારોએ સરકારના તા.૨૫/૦૨/૧૯૮૦ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૭૭/૨૬૬૦/ગ.૨ તથા તા.૦૧/૦૮/૧૯૯૦ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૧૮૮/૩૬૪૪/ગ.૨માં નિયત કર્યા મુજબના સત્તાધિકારી પાસેથી નિયત નમૂનામાં મેળવેલું જરૂરી પ્રમાણપત્ર અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર ધરાવતા ઉમેદવાર જ રમતના ગુણ મેળવવા માટે હક્કદાર થશે.

(૨) ઉમેદવારોએ સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવેલા ગુણના ૫ (પાંચ) ટકા ઉમેરી મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે. જો કોઈ તબક્કે ઉમેદવાર માન્ય કક્ષાનું માન્ય રમતનું પ્રમાણપત્ર ન હોવાનું સ્થાપિત થશે

તો તેઓને આપવામાં આવેલ ૫ (પાંચ) ટકા ગુણનો વધારો રદ કરીને મેરીટ પુનઃ નક્કી કરવામાં આવશે.

(૩) સરકારશ્રી દ્વારા નિયમિત ભરતીમાં છૂટછાટ મુકીને વર્ગ–૩ અને વર્ગ–૪ની જગ્યાઓ પર રમતવીરોને પસંદગી આપવા બાબતના વખતોવખતના સુધારા ઠરાવોની જોગવાઈઓ લાગુ પડશે.

## ૧૫. શૈક્ષણિક લાયકાત/ વયમર્યાદા/ અન્ય લાયકાત માટે નિર્ધારિત તારીખ:–

શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા, ઉન્નત વર્ગોમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર (નોન ક્રીમીલેયર સર્ટિફિકેટ), આર્થિક રીતે નબળાવર્ગનું પ્રમાણપત્ર, જાતિનું પ્રમાણપત્ર અને અન્ય જરૂરી લાયકાત માટે **તા.૦૬/૧૦/૨૦૨૫ની** સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે.

## ૧૬. કોમ્પ્યૂટરની જાણકારી:–

ઉમેદવાર રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ તેમજ તા.૧૮/૦૩/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦/૨૦૦૭/૧૨૦૩૨૦/ગ.૫ થી નક્કી કરેલા અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યૂટર અંગેનું બેઝિક નોલેજ ધરાવતા હોવા અંગેનું, કોઈ પણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈશે અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યૂટર જ્ઞાન અંગેના કોઈ પણ ડિપ્લોમા/ડિગ્રી કે સર્ટિફિકેટ કોર્સ કરેલા હોય તેવાં પ્રમાણપત્રો અથવા ડિગ્રી કે ડિપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યૂટર એક વિષય તરીકે હોય તેવાં પ્રમાણપત્રો અથવા ધોરણ–૧૦ અથવા ધોરણ–૧૨ ની પરીક્ષા કોમ્પ્યૂટરના વિષય સાથે પાસ કરેલી હોય તેવાં પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે. જો કે, આ તબક્કે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ, આવા ઉમેદવારોએ નિમણૂક સત્તાધિકારી સમક્ષ કોમ્પ્યૂટરની બેઝિક નૉલેજની પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણૂક મેળવતાં પહેલાં અચૂક રજૂ કરવાનું રહેશે, અન્યથા નિમણૂક મેળવવાને પાત્ર થશે નહીં તેમજ નિમણૂક સત્તાધિકારી આવા કિસ્સામાં ઉમેદવારોની પસંદગી "રદ" કરશે.

## ૧૭. અરજી કરવાની રીત:–

આ જાહેરાતના સંદર્ભમાં મંડળ દ્વારા ઓન લાઈન અરજી જ સ્વીકારવામાં આવશે. જે અન્વયે ઉમેદવારો **તા.૨૨/૦૯/૨૦૨૫ (બપોરના ૧૪:૦૦ કલાક) થી તા.૦૬/૧૦/૨૦૨૫ (સમય ૨૩:૫૯ કલાક સુધી)** દરમિયાન **"https://ojas.gujarat.gov.in"** વેબસાઈટ પર ઓન–લાઈન અરજીપત્રક ભરી શકશે. એક જ જાહેરાત અન્વયે એક કરતાં વધુ અરજી કરનાર ઉમેદવારોના કિસ્સામાં સૌથી છેલ્લે કન્ફર્મ થયેલી અરજી માન્ય ગણીને તે સિવાયની બાકીની તમામ અરજીઓ રદ થશે. અરજી કરવા બાબતની વિગતવાર સૂચનાઓ નીચે મુજબ છે.

**ઉમેદવારે અરજીપત્રક ભરવા માટે :–**

(૧) સૌપ્રથમ **"https://ojas.gujarat.gov.in"** વેબસાઇટ પર જવું.

(૨) ત્યારબાદ **"On line Application"** માં **Apply** પર **Click** કરવું અને **GSSSB** સિલેક્ટ કરવું.

(૩) ઉમેદવારે જાહેરાત ક્રમાંક:**૩૬૦/૨૦૨૫૨૬, સર્ચર (ફિંગર પ્રિન્ટ વિભાગ), વર્ગ–૩** સંવર્ગની જાહેરાત માટે ઉમેદવારી કરવા માટે જાહેરાતના સંવર્ગના નામ પર **Click** કરી **Apply** પર ક્લિક કરવું. ત્યાર બાદ સ્ક્રીન પર **More Details** અને **Apply now** ના ઓપ્શન ખૂલશે. જેમાં **More Details** પર **Click** કરવાથી વિગતવાર જાહેરાતની વિગતો જોવા મળશે. જે ઉમેદવારોએ વાંચી જવી.

(૪) જયારે **"Apply now"** પર **Click** કરવાથી નવી વિન્ડો ખૂલશે. જેમાં **"Skip"** પર ક્લિક કરવાથી **Application Format** ખૂલશે જેમાં સૌ પ્રથમ **"Personal Details"** ઉમેદવારે ભરવી. (જ્યાં લાલ ફુદડી (*) ની નિશાની હોય ત્યાં માગ્યા મુજબની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.)

**<u>નોંધ :</u> One Time Registration (OTR)** ઉમેદવારને ઓનલાઈન અરજી ઝડપથી કરવા માટેનું સહાયક મોડ્યુલ છે તે કરવા માત્રથી જે તે જાહેરાત અન્વયે **On line** અરજી કરેલ ગણાશે નહી.

(૫) **Personal Details** ભરાયા બાદ **"Educational Details"** ભરવાની રહેશે.

(૬) ત્યાર બાદ **“Assurance”** (બાંહેધરી) માં દર્શાવેલ શરતો સ્વીકારવા માટે **"Yes" Select** કરી **"save"** પર **Click** કરવું. હવે અરજી પૂર્ણ રીતે ભરાઈ ગયેલ છે.

(૭) હવે **"save"** પર **Click** કરવાથી **"Application Number" generate** થયેલ હશે જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.

(૮) હવે **Upload Photograph** પર **Click** કરો અહીં તમારો **application number type** કરો અને તમારી **Birth date type** કરો. ત્યારબાદ **ok** પર **Click** કરવું. અહીં **photo** અને **signature upload** કરવાના છે. (**Photo** નું માપ ૫ સે.મી. ઉંચાઈ અને ૩.૬ સે.મી. પહોળાઈ અને **Signature** નું માપ ૨.૫ સે.મી. ઉંચાઈ અને ૭.૫ સે.મી. પહોળાઈ રાખવી.) (**photo** અને **signature upload** કરવા સૌ પ્રથમ તમારો **photo** અને **signature jpg format** માં (**15 kb**) સાઈઝથી વધે નહિ તે રીતે સ્કેન કરી **computer** માં સેવ કરેલા હોવા જોઈશે.) **photo** અને **signature** અપલોડ કરવા માટે **"browse" button** પર **Click** કરો. હવે **choose file** ના સ્ક્રીનમાંથી જે ફાઈલમાં **jpg format** માં તમારો **photo store** થયેલ છે, તે ફાઈલને **select** કરો અને **"open" button** ને **Click** કરો. હવે **"browse" button** ની બાજુમાં **"upload" button** પર **Click** કરો. હવે બાજુમાં તમારો **photo** દેખાશે. હવે આજ રીતે **signature** પણ **upload** કરવાની રહેશે. જે **photo** અને **signature** અપલોડ કરવામાં આવ્યા હશે તે જ **photo** લેખિત પરીક્ષાના હાજરીપત્રકમાં ચોંટાડવાનો રહેશે તથા તેવી જ **signature** કરવાની રહેશે તેમજ આ ભરતી પ્રક્રિયાના નિમણૂંક સુધીના દરેક તબક્કે મંડળ/સંબંધિત ખાતાના વડા માંગે ત્યારે તેવો જ ફોટો રજૂ કરવાનો રહેશે. **<u>(અરજીમાં પાસપોર્ટ સાઇઝનો White Background વાળો તથા ફોટો પડાવ્યાની તારીખ સાથેનો ફોટો અપલોડ કરવાનો રહેશે. આ તારીખ અરજી કરવાની છેલ્લી તારીખથી ૦૧(એક) વર્ષ પહેલાની ન હોવી જોઈએ.)</u>** આથી ફોટોગ્રાફની ચારથી પાંચ કોપીઓ કઢાવી રાખવી. જુદા જુદા તબક્કે જુદા જુદા ફોટોગ્રાફ રજૂ થશે તો ફાળવણી/નિમણૂકમાં બાધ આવી શકશે. જેની જવાબદારી ઉમેદવારની પોતાની રહેશે.

(૯) હવે પેજના ઉપરના ભાગમાં **Online Application** ટેબમાં **"Confirm Application"** પર **Click** કરો અને **"Application number"** તથા **Birth Date type** કર્યા બાદ **Ok** પર **Click** કરવાથી ઉમેદવારની **Basic Details** અને **confirm application** દેખાશે. **ઉમેદવારને અરજીમાં સુધારો કરવાની જરૂર જણાય તો edit કરી લેવું. અરજી કન્ફર્મ કર્યા પહેલા કોઈપણ પ્રકારનો સુધારો થઈ શકશે. પરંતુ અરજી કન્ફર્મ થયા બાદ કોઈપણ પ્રકારનો સુધારો શકય બનશે નહીં. સંપૂર્ણ ચકાસણી બાદ જો અરજી સુધારવાની જરૂર ના જણાય તો જ confirm application પર Click કરવું. તેથી ઉમેદવારની અરજીનો મંડળમાં online સ્વીકાર થઈ જશે. એકવાર ઓનલાઇન અરજી કન્ફર્મ થયા બાદ, તેમાં કોઇપણ પ્રકારનો ફેરફાર ઉમેદવાર કે મંડળ દ્વારા થઇ શકશે નહીં.** અરજીમાં દર્શાવેલી વિગતોને અનુરૂપ પ્રમાણપત્રો મંડળ માંગે ત્યારે ઉમેદવારે રજૂ કરવાના રહેશે. આથી, ઉમેદવારે પ્રથમ તેમની પાસેના પ્રમાણપત્રોને આધારે પોતાનું નામ, પતિ/પિતાનું નામ, અટક, જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત, જાતિ (કૅટેગરી), જેન્ડર (મેલ/ફીમેલ), માજી સૈનિક, સ્પોર્ટસ,

દિવ્યાંગતા, વિધવા વગેરે બાબતોની બારીક ચકાસણી કરી લઈને તેને અનુરૂપ વિગતો ઓનલાઇન અરજીમાં દર્શાવવાની રહેશે. મંડળ દ્વારા ચકાસણી સારુ પ્રમાણપત્રો માંગવામાં આવે ત્યારે ઓનલાઇન અરજીપત્રકમાં દર્શાવેલ વિગતો અને ઉમેદવાર દ્વારા મંડળ સમક્ષ રજૂ કરવામાં આવતાં પ્રમાણપત્રોમાં કોઈપણ જાતની વિસંગતતા માલૂમ પડશે તો, તેવી ક્ષતિયુક્ત અરજીઓ મંડળ દ્વારા જે તે તબક્કેથી 'રદ' કરવામાં આવશે. ખોટી કે અધૂરી વિગતોને કારણે ક્ષતિયુક્ત અરજી રદ કરવામાં આવે તો, તેમાં મંડળની કોઈ જવાબદારી રહેશે નહીં. આથી, ઉમેદવારોને તેમની પાસેના પ્રમાણપત્રોને આધારે અને તેને અનુરૂપ વિગતો ઓનલાઇન અરજી કરતી વખતે દર્શાવવાની ખાસ કાળજી રાખવા જણાવવામાં આવે છે. **confirm application** પર **click** કરતાં અહીં **"confirmation number" generate** થશે. આ **"confirmation number"** હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ, ઉમેદવારે સાચવવાનો રહેશે.

(૧૦) હવે **print application** પર **Click** કરવું. અહીં **Select Job** માંથી જાહેરાત ક્રમાંક સિલેક્ટ કરીને તમારો **confirmation number** ટાઈપ કરવો અને જન્મતારીખ ટાઈપ કરવાથી તમારી અરજી ઓપન થશે. જેની પ્રિન્ટની નકલ ફરજિયાતપણે કાઢીને સાચવી રાખવી. નોંધાયેલ ઉમેદવાર અરજી કરવાની અંતિમ તારીખ સુધી **Online Application Form** ડાઉનલોડ કરીને સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી સાચવી રાખે તે ઉમેદવારના હિતમાં છે. અરજી કરવાની અંતિમ તારીખ બાદ ઉમેદવાર **Application Form** ડાઉનલોડ કરી શકશે નહીં.

(૧૧) ઉમેદવારે એક જ અરજી કરવી. આમ છતાં, સંજોગવશાત, જો કોઈ ઉમેદવારે એકથી વધુ અરજી કરેલ હશે, તો છેલ્લી કન્ફર્મ થયેલ અરજીને માન્ય રાખીને અન્ય અરજીપત્રકને રદ ગણવામાં આવશે. બિનઅનામત વર્ગના ઉમેદવારોએ છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સાથે નિયત ફી ભરેલ હશે તે માન્ય ગણાશે અને અગાઉની અરજી રદ ગણવામાં આવશે. અગાઉની અરજી સાથે ભરેલી ફી છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સામે ગણવામાં આવશે નહીં. જો ઉમેદવારે છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સાથે નિયત ફી ભરેલ નહીં હોય, તો આવા ઉમેદવારની બાકીની અરજીઓ પૈકી નિયત ફી સાથેની કન્ફર્મ થયેલી છેલ્લી અરજી માન્ય ગણવામાં આવશે. જો ઉમેદવારે એકથી વધુ અરજી સાથે ફી ભરેલ હશે, તો તે રીફંડ કરવામાં આવશે નહીં.

## ૧૮. પરીક્ષા ફી :-

(૧) સામાન્ય વહીવટ વિભાગના તા.૩૧/૦૧/૨૦૨૪ ના પત્રમાં થયેલી જોગવાઈ મુજબ, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવામાં આવતી સીધી ભરતીની તમામ પરીક્ષાઓ માટે પરીક્ષા ફી નું ધોરણ નીચે મુજબનું રહેશે.

| ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની તમામ પરીક્ષાઓ માટે પરીક્ષા ફી નું ધોરણ | | |
|---|---|---|
| | **બિનઅનામત વર્ગ** | **અનામત વર્ગ (તમામ કેટેગરીની મહિલા, સા.શૈ.પ.વર્ગ, અનુસુચિત જાતિ, અનુસુચિત જન જાતિ, આ.ન.વર્ગ, દિવ્યાંગ અને એક્સ સર્વિસમેન ઉમેદવારો)** |
| **પ્રાથમિક પરીક્ષા** | **રૂ.૫૦૦/-** | **રૂ.૪૦૦/-** |
| **The fees paid shall be refunded to those candidates who appear for the examination.** **પરીક્ષામાં ઉપસ્થિત રહેલા ઉમેદવારોને પરીક્ષા ફી પરત મળવાપાત્ર રહેશે.** | | |

(૨) તમામ ઉમેદવારોએ ઉપર દર્શાવ્યા મુજબની ફી ઓનલાઇન માધ્યમથી જ ભરવાની થાય છે. ઉમેદવારોએ **OJAS** વેબસાઇટ પર પોતાની અરજી સબમિટ કરી **confirmation number** મેળવ્યા બાદ, પરીક્ષા **ફી છેલ્લી તા.૦૯/૧૦/૨૦૨૫ (૨૩:૫૯ કલાક)** સુધીમાં ફરજિયાત ઓન–લાઈન ભરવાની રહેશે. ઓન–લાઈન માધ્યમથી ફી ભરવા માટે **OJAS** વેબસાઇટ પર **Online Application** ટેબમાં **Print Application Form / Pay Fees** પર **Click** કરવાથી **Online Payment** માટેના **Options** દેખાશે. જેમાં **Online Payment of Fees** પર **Click** કરવું. જેમાં ડેબિટ કાર્ડ **(Debit Card)**, ઇન્ટરનેટ બેંકિંગ **(Internet Banking)**, **UPI** અથવા વૉલેટ **(Wallets)** દ્વારા ભરવાની રહેશે. આ ચાર માધ્યમ પૈકીના કોઈ પણ એક માધ્યમ દ્વારા ફી ભર્યા બાદ રસીદ જનરેટ થશે, જેની પ્રિન્ટ મેળવી લેવાની સુચના મળશે. **Online Application** ટેબમાં **Print Application Form / Pay Fees** પર **Click** કર્યા બાદ **Online Payment Receipt** પર ક્લીક કરવાથી પણ રસીદની પ્રિન્ટ મેળવી શકાશે. ઓનલાઇન માધ્યમથી ફી ભરનાર ઉમેદવારે પરીક્ષા ફી ઉપરાંત નિયમોનુસાર ટ્રાન્ઝેક્શન ફી ભરવાની રહેશે. પરીક્ષા ફી ભરવાની છેલ્લી તારીખ બાદ ફી ભરવા માટેની લિન્ક આપોઆપ બંધ થઈ જશે. ત્યારબાદ મંડળ દ્વારા **કોઇ પણ સંજોગોમાં અન્ય કોઇ પણ રીતે (લેઇટ ફી લઈને પણ) પરીક્ષા ફી સ્વીકારવામાં આવશે નહીં.**

**નોંધ: ઉમેદવારોએ ફી રસીદની પ્રિન્ટ અથવા ઇ–રસીદ ફરજિયાતપણે મેળવી લઈ સાચવવાની રહેશે. જો ફી રસીદ જનરેટ ન થાય તો અરજી માટેની ફી ભરાયેલ ગણાશે નહિ અને જ્યાં સુધી ફી ભરાયેલ નહિ હોય ત્યાં સુધી ઉમેદવારની અરજી માન્ય ગણાશે નહિ.**

(૩) પરીક્ષા માટેની ફી ઓનલાઇન માધ્યમ સિવાયના અન્ય કોઇ પણ માધ્યમથી સ્વીકારવામાં આવશે નહીં, જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

(૪) પરીક્ષામાં ઉપસ્થિત રહેનાર ઉમેદવારોને તેઓએ જે માધ્યમથી પરીક્ષા ફી ભરેલ હશે તે માધ્યમથી પરીક્ષા ફી પરત મળવાપાત્ર રહેશે. પરીક્ષામાં ઉપસ્થિત ન રહેનાર ઉમેદવારોને પરીક્ષા ફી પરત મળવાપાત્ર રહેશે નહીં.

(૫) પરીક્ષા ફી નહીં ભરતા ઉમેદવારની અરજી માન્ય રહેશે નહીં તથા તે ઉમેદવારનું અરજીફોર્મ કોઇ પણ જાતની જાણ કર્યા વગર મંડળ દ્વારા 'રદ' કરવામાં આવશે.

(૬) મંડળ દ્વારા અરજી રદ થયાના કિસ્સામાં પણ ઉમેદવાર દ્વારા ભરવામાં આવેલ પરીક્ષા ફી પરત મળવા પાત્ર (રિફંડ) રહેશે નહીં.

(૭) **આ સંવર્ગના ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા, ઓનલાઇન અરજી ભરવા તેમજ ફી ભરવા સંબંધિત કોઈ માર્ગદર્શનની આવશ્યકતા જણાય તો તે માટે મંડળની કચેરીના ફોન નંબર: ૦૭૯– ૨૩૨૫૮૯૧૬ પર સંપર્ક કરી શકાશે.**

## ૧૯. પરીક્ષા પદ્ધતિ:–

(૧) સામાન્ય વહીવટ વિભાગના તા.૦૮/૧૧/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક: ભરત/૧૦૨૦૨૩/૬૩૮૯૩૭/ક થી સીધી ભરતીથી જગ્યાઓ ભરવા માટે ઠરાવેલી પરીક્ષા પદ્ધતિ અનુસાર, પરીક્ષા એક તબક્કામાં હેતુલક્ષી **MCQ** (**Multiple Choice Question**) પ્રકારના પ્રશ્નોવાળી **CBRT / OMR** (**Computer Based Respose Test/ Optical Mark Recognisation**) પદ્ધતિની સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે. આ પરીક્ષા: **Part-A** અને **Part-B** એમ બે ભાગમાં લેવામાં આવશે (પ્રશ્નપત્રનું લેવલ શૈક્ષણિક લાયકાતને સમકક્ષ રહેશે).

**Part – A**

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | તાર્કિક કસોટીઓ તથા **Data Interpretation** | ૩૦ |
| ૨ | ગાણિતિક કસોટીઓ | ૩૦ |
| | કુલ ગુણ | ૬૦ |

**Part – B**

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | ભારતનું બંધારણ, વર્તમાન પ્રવાહો, ગુજરાતી અને અંગ્રેજી કોમ્પ્રિહેન્શન | ૩૦ |
| ૨ | સંબંધિત વિષય અને તેની ઉપયોગિતાને લગતા પ્રશ્નો | ૧૨૦ |
| | કુલ ગુણ | ૧૫૦ |

નોંધ : અભ્યાસક્રમની વિષયવસ્તુ નિયત કરેલી શૈક્ષણિક લાયકાત મુજબ રહેશે.

(૨) **Part-A** માં કુલ ૬૦ પ્રશ્નો અને **Part-B** માં કુલ ૧૫૦ પ્રશ્નો એમ કુલ ૨૧૦ પ્રશ્નો પૂછવામાં આવશે.

(૩) **Part-A** અને **Part-B** બંને માટે સંયુક્ત રીતે કુલ ૩ કલાક (૧૮૦ મિનિટ) નો સમય મળવાપાત્ર થશે.

(૪) **M.C.Q.** પદ્ધતિમાં ખોટા જવાબ આપવાના સંજોગોમાં પ્રશ્નને ફાળવેલ માર્કના ૧/૪ માર્ક ઉમેદવારે મેળવેલા ગુણમાંથી ઓછા કરવામાં આવશે એટલે કે નેગેટીવ માર્કીંગ પદ્ધતિ અપનાવવામાં આવશે.

(૫) પરીક્ષા પૂર્ણ થયેથી મંડળ દ્વારા પ્રોવિઝનલ આન્સર કી પ્રસિદ્ધ કરવામાં આવશે. પ્રોવિઝનલ આન્સર કી સંબંધે ઉમેદવાર દ્વારા મળેલ વાંધાસૂચનો ધ્યાને લઈ ફાઇનલ આન્સર કી પ્રસિદ્ધ કરવામાં આવશે.

(૬) ફાઇનલ આન્સર કી માં કોઈ કારણોસર પ્રશ્ન રદ કરવામાં આવે તો, તેવા સંજોગોમાં રદ થયેલ પ્રશ્નના ગુણની બાકી રહેલ પ્રશ્નના ગુણભારમાં પ્રો–રેટા (**Pro-Rata**) મુજબ ગણતરી કરવામાં આવશે.

(૭) ઉમેદવાર પ્રશ્નનો સાચો જવાબ આપશે તો તે પ્રશ્નને પ્રો–રેટા અનુસાર ફાળવેલ ગુણભાર મુજબ ગુણ આપવામાં આવશે, ખોટા જવાબ આપવાના સંજોગોમાં પ્રશ્નને પ્રો–રેટા મુજબ જે ગુણભાર આપવામાં આવેલ હોય તેના ૧/૪ માર્ક ઉમેદવારે મેળવેલા ગુણમાંથી ઓછા કરવામાં આવશે.

(૮) **સદર સંવર્ગનો અભ્યાસક્રમ આ સાથે Annexure-I સામેલ રાખેલ છે. જે સંબંધિત ઉમેદવારોએ ધ્યાને લેવાનો રહેશે.**

## ૨૦. પરીક્ષાનું આયોજન :–

(૧) પરીક્ષા માટે ઉમેદવારોની સંખ્યાને ધ્યાને લઈને મંડળ દ્વારા પરીક્ષા કેન્દ્રો નક્કી કરવામાં આવે તે પરીક્ષા કેન્દ્રો પર ઉમેદવારે પરીક્ષા આપવાની રહેશે.

(૨) પરીક્ષાની તારીખ, પરીક્ષાના સમયની માહિતી તથા પ્રવેશપત્ર ડાઉનલોડ કરવા અંગેની સૂચના મંડળની વેબસાઇટ **https://gsssb.gujarat.gov.in** પર મૂકવામાં આવશે.

(૩) ઉમેદવારોએ ડાઉનલોડ કરેલ પ્રવેશપત્રમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્રો ખાતે સ્વખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે.

## ૨૧. દિવ્યાંગ ઉમેદવારોને લહિયા(Scribe)/વળતર સમય(Compensatory Time)ની સુવિધા આપવા બાબત :–

ભારત સરકારના **Ministry of Social Justice & Empowerment** ના **Department of Empowerment of persons with Disabilities(Divyangjan)** ના તા.૨૯/૦૮/૨૦૧૮ ના **Office Memorandum ક્રમાંક : F.No.34-02/2015-DD-III** મુજબ **The Rights of Persons with Disabilities Act, 2016** ની કલમ–૨(r) હેઠળ વ્યાખ્યાયિત કરાયેલ **Persons with Benchmark Disability** અને લેખન ક્ષમતાની મર્યાદા ધરાવનાર ઉમેદવારને જો તેઓ ઈચ્છતા હોય તો, જે તે શરતોને આધીન લહિયા/વળતર સમયની સુવિધા આપવામાં આવશે.

(૧) જાહેરાતની જોગવાઈ મુજબ જાહેરાતમાં અરજી કરવાને પાત્ર ગણેલ હોય તેવા **Benchmark Disability** ધરાવતા અથવા આકસ્મિક પરિસ્થિતિઓના કારણે હંગામી દિવ્યાંગતા ધરાવતા હોય તેવા લખવા માટે અક્ષમ/લખવામાં તકલીફ હોય તેવા દિવ્યાંગ ઉમેદવારોને તેઓની રજુઆત પરત્વે લહિયા/વળતર સમયની સુવિધા આપવામાં આવશે.

(૨) દિવ્યાંગ ઉમેદવારોએ લહિયા/વળતર સમયની સુવિધા મેળવવા માટે મંડળ દ્વારા પ્રસિદ્ધ થયેલ પ્રવેશપત્ર ડાઉનલોડ કરવા અંગેની સૂચના પ્રસિદ્ધ થયેથી પ્રવેશપત્ર ડાઉનલોડ કરી મંડળની વેબસાઈટ ઉપર **ઉમેદવાર ઉપયોગિતાઓ** ટેબ ઉપર **Click** કરી **દિવ્યાંગ ઉમેદવારો માટે** ના સેકશનમાં જઈ અથવા https://gsssb.gujarat.gov.in/Home/ph ઉપર **Click** કરી **લહિયા/વળતર સમયની સુવિધા આપવા અંગેની સૂચનાઓ તથા નિયત નમુનાઓ** માં આપવામાં આવેલ લહિયા/વળતર સમયની સુવિધા માટેનું ફોર્મમાં જરૂરી વિગતો ભરી સૂચનામાં દર્શાવ્યા મુજબના જરૂરી પ્રમાણપત્રો સામેલ રાખી **અચૂકપણે પરીક્ષાના બે દિવસ અગાઉ સુધીમાં** મંડળના ઈમેઈલ : **so-kh1-gsssb@gujarat.gov.in** ઉપર મેઈલ કરવાના રહેશે. ત્યારબાદ મળેલ અરજીઓ પર કોઈપણ સંજોગોમાં વિચારણા કરવામાં આવશે નહીં.

(૩) સંબંધિત જાહેરાતની જોગવાઈ મુજબ જાહેરાતમાં અરજી કરવાને પાત્ર ગણેલ હોય તેવા **Blindness, Locomotor disability** (**Both arm affected-BA**) **Benchmark disability** (૪૦% થી ઓછી ન હોય ત્યાં સુધીની દિવ્યાંગતા) ધરાવતા, લખવા માટે અસમર્થ હોય તેવા ઉમેદવારોએ દિવ્યાંગતા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે પરંતુ લખવા માટે અસમર્થ હોવા અંગેનું તબીબી પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે નહીં.

(૪) ઉપરોક્ત ૨૩(૩) માં દર્શાવેલ **Benchmark disability** સિવાયની અન્ય **Benchmark disability** ધરાવતા/ આકસ્મિક પરિસ્થિતિઓના કારણે હંગામી દિવ્યાંગતા ધરાવતા હોય તેવા લખવા માટે અક્ષમ/લખવામાં તકલીફ હોય તેવા ઉમેદવારોએ લહિયા/વળતર સમયની સુવિધા મેળવવા માટે દિવ્યાંગતા પ્રમાણપત્ર ઉપરાંત **Appendix-I** (**Certificate regarding physical limitation in an examinee to write**) મુજબનું ઉમેદવારને લખવામાં તકલીફ હોવા અંગેનું મુખ્ય તબીબી અધિકારી/સિવિલ સર્જન/મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ દ્વારા આપવામાં આવતું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૫) **વળતર સમય (Compensatory Time) :** ઉપરોક્ત ૨૩(૧) માં વ્યાખ્યાયિત કર્યા મુજબના બેન્ચમાર્ક ડીસએબીલીટી ધરાવતા અને લેખનક્ષમતાની મર્યાદા ધરાવનાર ઉમેદવારને પરીક્ષામાં પ્રતિ કલાક માટે ૨૦ મીનીટ 'વળતર સમય' મળવાપાત્ર છે.

(૬) ઉમેદવાર દ્વારા લહિયા/વળતર સમયની સુવિધા માટે કરવામાં આવેલ અરજીની ચકાસણી બાદ મંડળ દ્વારા લહિયા/વળતર સમયની સુવિધા આપવા અંગે નિર્ણય કરવામાં આવશે. મંડળ દ્વારા કરવામાં આવેલ નિર્ણયની જાણ ઉમેદવારને તેઓના ઈમેઈલ ઉપર કરવામાં આવશે તથા જે તે પરીક્ષા કેન્દ્ર સંચાલકને પણ જાણ કરવામાં આવશે.

(૭) ઉમેદવારે સ્પર્ધાત્મક પરીક્ષાના દિવસે જરૂરી પ્રમાણપત્રો અસલમાં તથા મંડળ દ્વારા આપવામાં આવેલ મંજૂરીનો પત્ર ખરાઈ અર્થે પરીક્ષા કેન્દ્ર સંચાલક અથવા મંડળ દ્વારા નિયુક્ત કરવામાં આવેલ અધિકારી/કર્મચારીને રજૂ કરવાના રહેશે.

(૮) મંડળ દ્વારા લહિયા/વળતર સમયની સુવિધા માટે આપવામાં આવેલ મંજૂરી સ્પર્ધાત્મક પરીક્ષાના દિવસે ઉમેદવાર દ્વારા રજૂ કરેલ અસલ પ્રમાણપત્રોની પરીક્ષા કેન્દ્ર સંચાલક અથવા મંડળ દ્વારા નિયુક્ત કરવામાં આવેલ અધિકારી/કર્મચારી દ્વારા કરવામાં આવનાર ખરાઈને આધીન રહેશે.

## ૨૨. પરિણામની પ્રસિદ્ધિ :-

(૧) સામાન્ય વહીવટ વિભાગના તા.૦૮/૧૧/૨૦૨૩ ના ઠરાવ અનુસાર **Part-A** અને **Part-B** નું સ્વતંત્ર (અલાયદું) ન્યુનતમ ગુણવત્તા ધોરણ (**Qualifying Standard**) રહેશે.

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૦૮/૧૧/૨૦૨૩ ના ઠરાવ તથા પત્રની જોગવાઈઓ અનુસાર સ્પર્ધાત્મક પરીક્ષાના **Part-A** માટે લઘુત્તમ ગુણવત્તા ધોરણ ૪૦% અને **Part-B** માટે લઘુત્તમ ગુણવત્તા ધોરણ ૪૦% રાખવામાં આવેલ છે. તેમાં તમામ કૅટેગરીના ઉમેદવારો માટે ૪૦ ટકા માર્ક્સ કરતાં ઓછું લઘુત્તમ ગુણવત્તા ધોરણ કોઈપણ સંજોગોમાં રહેશે નહીં.

(૩) ત્યારબાદ પરીક્ષામાં હાજર રહેલા તમામ ઉમેદવારોનું પ્રોવિઝનલ પરિણામ મંડળની વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવામાં આવશે.

## ૨૩. પસંદગી યાદી અને પ્રતિક્ષા યાદી તૈયાર કરવાની પધ્ધતિ :-

(૧) મંડળ દ્વારા પ્રોવિઝનલ પરિણામ પ્રસિદ્ધ કર્યા બાદ પરીક્ષાના **Part-A** અને **Part-B** માં ન્યુનતમ ગુણવત્તા ધોરણ (**Qualifying Standard**) જાળવીને કુલ ગુણના મેરીટ્સ આધારે ભરવાની થતી કૅટેગરી મુજબની જગ્યાના આશરે બે ગણા ઉમેદવારોને પ્રમાણપત્રોની ચકાસણી માટે બોલાવવામાં આવશે.

(૨) પ્રોવિઝનલ મેરીટ યાદીના બે ગણા ઉમેદવારોના પ્રમાણપત્રોની ચકાસણી બાદ પણ જાહેરાતમાં દર્શાવ્યા મુજબની કૅટેગરી મુજબ ભરવાની થતી જગ્યાઓના આધારે પસંદગીયાદી/પ્રતિક્ષાયાદી તૈયાર કરવા માટે જરૂરી સંખ્યાના ઉમેદવારો ન મળવાના સંજોગોમાં કૅટેગરીવાઇઝ જરૂર મુજબના પ્રોવિઝનલ મેરીટ યાદી પરના ઉમેદવારોને પ્રમાણપત્રોની ચકાસણી માટે બોલાવવામાં આવશે.

(૩) ત્યાર બાદ ઉમેદવારોએ મેળવેલા ગુણને ધ્યાને લઈને મેરીટ અનુસાર કૅટેગરી મુજબની જગ્યાઓ ધ્યાને લઈ પસંદગી/પ્રતિક્ષા યાદી પ્રસિધ્ધ કરવામાં આવશે.

(૪) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૭/૦૭/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક: પીએસસી/૧૦૮૯/૩૯૧૦ /ગ.૨ ની જોગવાઈઓ ધ્યાને લઈ ઉમેદવારોએ ઉક્ત સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવેલા ગુણના મેરીટસ આધારે કૅટેગરી મુજબ ભરવાની થતી જગ્યાની વિગતો ધ્યાને લઈ પસંદગી યાદી અને પ્રતિક્ષા યાદી તૈયાર કરવામાં આવશે.

## ૨૪. નિમણૂક:-

(૧) આ જાહેરાત સંબંધમાં પસંદ થયેલા ઉમેદવારોની નિમણૂક માટે સરકારશ્રીના સંબંધિત વિભાગને મંડળ દ્વારા ભલામણ કરવામાં આવશે.

(૨) ઉમેદવારોને નિમણૂક માટે **Merit Number** ને ધ્યાનમાં રાખી વિચારણા કરવામાં આવશે. મંડળ દ્વારા લેવાનાર સ્પર્ધાત્મક લેખિત કસોટીમાં ઉત્તીર્ણ થવાથી જ ઉમેદવારને નિમણૂક માટેનો હક્ક

મળી જતો નથી. નિમણૂક સમયે નિમણૂક સત્તાધિકારીને ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય તો જ ઉમેદવારને નિમણૂક આપવામાં આવશે.

(૩) પસંદગી પામેલા ઉમેદવાર, નિમણૂક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધીન નિમણૂક મેળવવાને પાત્ર થશે.

(૪) નિમણૂક પામેલા ઉમેદવારે સરકારના નિયમો મુજબની તાલીમ લેવી પડશે અને તાલીમ પરીક્ષા પાસ કરવાની રહેશે.

(૫) નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી સરકારશ્રી દ્વારા કરવામાં આવતી હોઇ, આ અંગેનો કોઈ પત્રવ્યવહાર મંડળ દ્વારા ધ્યાને લેવામાં આવશે નહીં.

## ૨૫. અગત્યની સૂચનાઓ:–

(૧) ઉમેદવારે **Online** અરજીપત્રકમાં વિગતો ભરતાં સમયે જાતિ (કૅટેગરી) અંગે જે વિગત દર્શાવેલ હશે તે અરજીપત્રક **Confirm** થયેથી જાતિ (કૅટેગરી) માં પાછળથી ફેરફાર કરવાની કોઇ પણ વિનંતી ધ્યાને લેવામાં આવશે નહીં. આથી જો ઉમેદવારને અરજીપત્રકની કોઇ વિગતમાં ફેરફાર કરવો હોય તો તેઓએ અરજી કરવાની છેલ્લી તારીખ પહેલાં સાચી વિગત સાથે પુન: અરજી કરી **Confirmation Number** મેળવી તે **Confirmation Number** માટે નિયત ફી ભરવાની રહેશે.

(૨) ઉમેદવારે અરજીપત્રકમાં ભરેલી વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ, પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજૂ કરવાના રહેશે અન્યથા અરજીપત્રક જે - તે તબક્કે ‘‘રદ’’ ગણવામાં આવશે.

(૩) ઉમેદવાર દ્વારા વિદેશની યુનિવર્સિટીની પદવી મેળવેલ હશે તો તેવી પદવી ભારતમાં માન્યતા/સમકક્ષતા ગણવા અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના જરૂરી આધાર/પૂરાવા રજુ કરવાના રહેશે. પ્રમાણપત્રોની ચકાસણીના કાર્યક્રમની સમયમર્યાદામાં આ અંગેના આધાર/પૂરાવા રજૂ કરવાની જવાબદારી સંબંધિત ઉમેદવારની રહેશે. આ બાબતે મંડળની કોઈ ફરજ રહેતી નથી અને સમયમર્યાદા બાદ આ અંગેની રજૂઆત પણ વિચારણામાં લેવામાં આવશે નહીં.

(૪) ઉમેદવાર અરજીપત્રકમાં જે ફોટો **upload** કરે છે, તેની પાસપોર્ટ સાઈઝના ફોટાની એક કરતાં વધુ કોપીઓ પોતાની પાસે રાખવી અને આ જાહેરાત–સંવર્ગની સમગ્ર ભરતી પ્રક્રિયામાં તે જ ફોટાની કોપીનો ઉપયોગ કરવાનો રહેશે. (જેમ કે પરીક્ષા સમયે હાજરીપત્રકમાં લગાવવો તેમજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે પણ તે જ ફોટાની કોપી રજૂ કરવાની રહેશે.) ઉમેદવારે આવો ફોટો તાજેતરમાં જ પડાવેલો હોવો જરૂરી છે, જેથી ભરતી/નિમણૂકના વિવિધ તબક્કે ઓળખ પ્રસ્થાપિત કરવામાં કોઈ મુશ્કેલી ન અનુભવાય.

(૫) ઉમેદવાર અરજીપત્રક ભરતી વખતે જે મોબાઇલ નંબર અને ઈ–મેલ આઇ.ડી. દર્શાવે છે તે નંબર અને ઈ–મેલ આઇ.ડી. ચાલુ જ રાખવાં. ભવિષ્યમાં મંડળ તરફથી આ પરીક્ષાને સંબંધિત પરીક્ષાલક્ષી કેટલીક સૂચનાઓ ઉમેદવારને આ દર્શાવેલા નંબરના મોબાઇલ પર **SMS** થી મોકલવામાં આવશે. તેથી અરજીપત્રકમાં દર્શાવેલા મોબાઇલ નંબર, ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી જાળવી રાખવો, એ ઉમેદવારના હિતમાં છે.

(૬) મંડળ જે કોઈ ઉમેદવારને (૧) તેને ઉમેદવારી માટે કોઈ પણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે, મંડળના અધ્યક્ષ, સભ્ય અથવા કોઈ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે (૨) બીજાનું નામ ધારણ કરવા માટે (૩) બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે

(૪) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડાં કરવામાં આવ્યાં હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે (૫) યથાર્થ અથવા ખોટા અથવા મહત્ત્વની માહિતી છુપાવતાં હોય તેવા નિવેદનો કરવા માટે (૬) પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનોનો આશ્રય લેવા માટે (૭) પરીક્ષા દરમ્યાન ગેરવાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઇડ, કાપલી કે તેવા કોઈ પણ છાપેલા કે હસ્તલેખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઈ પણ ગેરરીતિ આચરવા માટે (૮) લખાણોમાં અશ્લિલ ભાષા અથવા બિભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે (૯) પરીક્ષાખંડમાં અન્ય કોઈ રીતે ગેરવર્તણૂક કરવા માટે (૧૦) પરીક્ષાના સંચાલન કરવા માટે મંડળે રોકેલા સ્ટાફને સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઈજા કરવા માટે (૧૧) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલાં તમામ અથવા કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા યથાપ્રસંગ, મદદગીરી કરવા માટે અથવા (૧૨) પરીક્ષા આપવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઈ પણ સૂચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યું હોય તો તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત–(ક) મંડળ, તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે, અથવા (ખ)(૧) મંડળ, સીધી પસંદગી માટે લેવાતી કોઈ પણ પરીક્ષામાં બેસવામાંથી અથવા (ખ)(૨) રાજ્ય સરકાર પોતાના હેઠળની કોઈ પણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદ્દત માટે બાકાત કરી શકશે. (૧૩) ગુજરાત જાહેર સેવા આયોગ, અન્ય ભરતી બોર્ડ, અન્ય સરકારી/ અર્ધ સરકારી/ સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર કયારેય પણ ગેરલાયક ઠરાવેલા હોય અને ગેરલાયક ઠરાવ્યાનો સમય ચાલુ હશે તો તેવા ઉમેદવારોની અરજી આપોઆપ રદ થવાને પાત્ર બનશે.

(૭) ઉમેદવારે અરજીપત્રકમાં બતાવેલી કોઈ પણ વિગત અને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરેલી જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ વગેરેને લગતા પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબક્કે ચકાસણી દરમ્યાન ખોટા માલૂમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી મંડળ દ્વારા 'રદ' કરી શકાશે તેમજ અન્ય સંવર્ગોની ભરતી માટે પણ ગેરલાયક ઠરાવવામાં આવશે. તેમજ જો પસંદગી/નિમણૂક થયેલી હશે તો પસંદગી/નિમણૂક, મંડળ/નિમણૂક કરનાર સત્તાધિકારી દ્વારા કોઈપણ તબકકે 'રદ' કરવામાં આવશે.

(૮) ઉમેદવાર પોતે પરીક્ષામાં સફળ થયો હોવાના કારણે જ સંબંધિત જગ્યા ઉપર નિમણૂક કરવાનો દાવો કરવાને હક્કદાર થશે નહીં, નિમણૂક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારુ ઉમેદવાર યોગ્ય જણાતો નથી, તો તેને પડતો મૂકી શકાશે. નિમણૂક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.

(૯) ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો–૧૯૬૭ (વખતો વખતના સુધારા સહિત) અને તે અન્વયે જે તે સંવર્ગના ઘડવામાં આવેલા ભરતી નિયમોને આધીન રહેશે.

(૧૦) ગુજરાત સરકાર દ્વારા જાહેર પરીક્ષામાં થતી ગેરરીતિ તથા પ્રશ્નપત્રો લીક થવા બાબતનો **Gujarat Public Examination (Prevention of Unfair Means) Act, 2023** અધિનિયમ, માર્ચ–૨૦૨૩ થી અમલી કર્યો છે. સરકાર દ્વારા ઉક્ત અધિનિયમમાં **'Examination Authority'** તરીકે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળનો પણ સમાવેશ કર્યો છે. આથી, મંડળ દ્વારા આયોજિત

તમામ સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાઓને જાહેર પરીક્ષાઓ તરીકે ગણવાની થતી હોવાથી, સદર અધિનિયમ મંડળની પરીક્ષાઓમાં પણ લાગુ પડે છે. આથી, ઉક્ત તમામ જાહેરાતોની સ્પર્ધાત્મક લિખિત પરીક્ષામાં જો કોઈ પણ ઉમેદવાર **Gujarat Public Examination (Prevention of Unfair Means) Act, 2023**ની જોગવાઈઓનો ભંગ કરતો જણાઈ આવશે અને તેમાં કસૂરવાર સાબિત થશે તો તેની સામે સદર અધિનિયમમાં દર્શાવ્યા મુજબ, કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**૨૬.** આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઈ પણ કારણોસર ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઊભી થાય તો તેમ કરવાનો મંડળને સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે અને મંડળ આ માટે કારણો આપવા બંધાયેલું રહેશે નહીં.

**તારીખ:– ૨૨/૦૯/૨૦૨૫** **સચિવ**

**સ્થળ:– ગાંધીનગર** **ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ**

# Annexure-I

## જાહેરાત ક્રમાંક:૩૬૦/૨૦૨૫૨૬– સર્ચર (ફિંગર પ્રિન્ટ વિભાગ), વર્ગ–૩ સંવર્ગની

## સ્પર્ધાત્મક કસોટીનો વિગતવાર અભ્યાસક્રમ

## DETAILED SYLLABUS OF EXAM

### PART: A (60 MARKS)

**(1) Reasoning & Data Interpretation (30 Questions, 30 Marks)**

1. Problems on Ages
2. Venn Diagram
3. Visual reasoning
4. Blood Relation
5. Arithmetic Reasoning
6. Data interpretation (charts, graphs, tables)
7. Data Sufficiency

**(2) Quantitative Aptitude (30 Questions, 30 Marks)**

1. Number Systems
2. Simplification and Algebra
3. Arithmetic and Geometric Progression
4. Average
5. Percentage
6. Profit-Loss
7. Ratio and Proportion
8. Partnership
9. Time and Work
10. Time, Speed and Distance
11. Work, Wages and Chain Rule

### PART: B (150 MARKS)

**(1) Constitution of India (10 Questions, 10 Marks)**

1. Preamble of the Constitution
2. Fundamental Rights
3. Directive Principles of State Policy
4. Fundamental Duty

5. Power, Role and Responsibility of President, Vice President and Governor
6. Parliamentary System
7. Amendment of Indian Constitution, Emergency Provisions in Indian Constitution
8. Centre – State Government and Their Relation
9. Judicial System of Indian Constitution
10. Constitutional Bodies

**(2) Current Affairs (10 Questions, 10 Marks)**

1. Current Events of State, National and International Importance

**(3) Comprehension (Gujarati {5 marks} & English {5 marks})**

**(10 Questions, 10 Marks)**

1. To Assess Comprehension, Interpretation and Inference Skills

   A paragraph given with set of question on the basis of paragraph

   or statement and assertion type question can be asked

**(4) Questions and Its Applications related to Educational Qualification**

**(120 Questions, 120 Marks)**

1. **Electric potential: (06 Questions, 06 Marks)**
   Physical meaning, Electric potential due to a dipole and system of charges, Equipotential surfaces, Electric potential energy of system of two point charges and electric potential energy of an electric dipole in a static electric field.
2. **Statement of Gauss's Theorem: (06 Questions, 06 Marks)**
   About electric flux and to find electric field in case of (1) linear, charge distribution of infinite length (2) uniformly charged infinite plane (3) uniformly charged spherical shell (inside and outside the shell)
3. **Electromagnetic induction: (06 Questions, 06 Marks)**
   Faraday's law, induced e.m.f and current, Lenz's law, Eddy currents, self and mutual induction,A.C. currents, peak and r.m.s. values of alternating current and voltage, reactance, impedance, LC oscillations, LCR series circuit(phasor) - resonance circuits, Q factor, power in AC circuits, watt-less current.
4. **Electromagnetic waves: (05 Questions, 05 Marks)**
   Characteristics (qualitative), transverse nature of electromagnetic waves, Electromagnetic spectrum (radio, microwaves, infrared, visible, ultraviolet, X-rays, gamma rays) and primary information about their uses, propagation of electromagnetic waves in atmosphere.
5. **Reflection: (05 Questions, 05 Marks)**
   light-spherical mirrors, formula of mirror, refraction of light, total internal reflection and its uses, spherical lens, equation of a thin lens, lens-maker formula, magnification, power of a lens, combination of thin lenses in contact, refraction and dispersion of light by a prism, spectrometer and its use to measure refractive index of the material of prism, rainbow, scattering of light, blue color of sky, crimson color of sky at sun rise and sun set.

6. **Optical devices:** **(05 Questions, 05 Marks)**
Compound microscope, astronomical telescope and their magnification power.Wave front and Huygene's principle, reflection and refraction of plane waves from plane surfaces using wave front (qualitative idea), interference-young's double slit experiment and equation of width of fringes, coherent sources and stationary interference, diffraction- diffraction by a single slit, width of central maximum, difference between interference and diffraction, resolving power of microscope and telescope, polarization- plane polarized light, Nicole prism, Brewster's law, Uses of plane polarized light and Polaroid.
7. **Adsorption:** **(05 Questions, 05 Marks)**
Physisorption and chemisorption; factors affecting adsorption of gases on solids; catalysis; homogenous and heterogeneous, activity and selectivity; enzyme catalysis; colloidal state: distinction between true solutions, colloids and suspensions; lyophilic, lyophobic, multimolecular and macromolecular colloids; properties of colloids; Tyndall effect, Brounianmovenment, electrophoresia, coagulation; emulsion types of emulsions.
8. **Haloalkanes:** **(06 Questions, 06 Marks)**
Nomenclature, nature of C-X bond, physical and chemical properties, mechanism of substitution reactions.
9. **Haloarenes:** **(06 Questions, 06 Marks)**
Nature of C-X bond, substitution reactions (directive influence of halogen for monosubstitutedcompunds only) Uses and environmental effects of - dichloro methane, trichloromethane, tetrachloromethane, iodoform, freons, DDT.
10. **Alcohols:** **(06 Questions, 06 Marks)**
Nomenclature, methods of preparation, physical and chemical properties (of primary alcohols only); identification of primary, secondary and tertiary alcohols; mechanism of dehydration, uses, some important compounds - methanol and ethanol, **Phenols:** Nomenclature, methods of preparation, physical and chemical properties, acidic nature of phenol, electrophillic substitution reactions, uses of phenols. **Ethers:** Nomenclature, methods of preparation, physical and chemical properties, uses.
11. **Aldehydes and Ketones:** **(06 Questions, 06 Marks)**
Numenclature, nature of carbonyl group, methods of preparation, physical and chemical properties, and mechanism of nuclcophilic addition, reactivity of alpha hydrogen in aldehydes; uses. **Carboxylic Acids:** Nomenclature, acidic nature, methods of preparation, physical and chemical properties; uses.
12. **Organic compounds containing Nitrogen: Amines:** **(06 Questions, 06 Marks)**
Nomenclature, classification, structure, methods of preparation, physical and chemical properties, uses, identification of primary, secondary and tertiary amines. Cyanides and Isocyanides - will be mentioned at relevant places in context. **Diazonium salts:** Preparation, chemical reactions and importance in synthetic organic chemistry.
13. **Polymers Classification:** **(06 Questions, 06 Marks)**
Natural and synthetic, methods of polymerization (addition and condensation), copolymerization, Some importance polymers; natural and synthetic like polythene, nylon, polyesters, bakelite, rubber.
14. **Chemicals in medicines:** **(06 Questions, 06 Marks)**
Annalgesica, tranquilizers, antisecptics, disinfectants, antimicrobials, antifertility drugs, antibiotics, antacids, antihistamines.
15. **Chemicals in food:** **(06 Questions, 06 Marks)**
Preservatives, artificial sweetening agents.
16. **Cleansing agents:** **(06 Questions, 06 Marks)**
Soaps and detergents, cleansing action.
17. **Cell:** **(06 Questions, 06 Marks)**
Cell as a functional unit, Composition of protoplasm; water relations; Absorption

and conduction (Diffusion, osmosis, plasmolysis, permeability, water potential, absorption). Cellular growth Growth rate, growth map, growth - regulation and hormones; Mechanism and types of- regeneration. Ageing - cellular and extra cellular changes; principles of ageing,Theories of ascent of sap - root pressure, suction force transpiration importance, Factors affecting rate of transpiration; mechanism of stomatal opening and closing; (Potassium ion theory); factors affecting movement of guard cells.

18. **Photosynthesis:** **(06 Questions, 06 Marks)**
Significance; site of photosynthesis (functional importance of chlorophyll structure) photochemical and bio synthetic phases, Electron transport system.

19. **Nutrition and its types:** **(06 Questions, 06 Marks)**
Nutrients food and vitamins; digestive system of invertebrate (Cockroach).

20. **Human Anatomy:** **(05 Questions, 05 Marks)**
Human skeleton, axial and appendicular, Cranium and cage bones; Joints and their types Bone, Cartilage and their disorders (Carthritis, osteoporosis) Mechanism of muscle contraction.

21. **Population:** **(05 Questions, 05 Marks)**
Environment and development; Population growth and factors (Vitality, mortality, immigration, emigration, age and sex ratio)

22. **Current Trends and Recent Advancements in the Above Fields.**

## વિગતવાર અભ્યાસક્રમ : ગુજરાતીમાં

### ભાગ–અ (૬૦ ગુણ)

**(૧) તાર્કિક કસોટીઓ તથા ડેટા ઈન્ટરપ્રિટેશન** **(૩૦ પ્રશ્નો, ૩૦ ગુણ)**

૧. ઉંમર સંબંધિત પ્રશ્નો
૨. વેન આકૃતિઓ
૩. દ્રશ્ય આધારિત તાર્કિક પ્રશ્નો
૪. લોહીનાં સંબંધ વિષયક પ્રશ્નો
૫. તાર્કિક અંકગણિત
૬. માહિતીનું અર્થઘટન (ચાર્ટ, આલેખ, કોષ્ટક)
૭. માહિતીની પર્યાપ્તતા

**(૨) ગાણિતિક કસોટીઓ** **(૩૦ પ્રશ્નો, ૩૦ ગુણ)**

૧. સંખ્યા પદ્ધતિ
૨. સાદું રૂપ અને બીજગણિત
૩. સમાંતર શ્રેણી અને સમગુણોત્તર શ્રેણી
૪. સરેરાશ
૫. ટકાવારી
૬. નફો–ખોટ
૭. ગુણોત્તર અને પ્રમાણ
૮. ભાગીદારી
૯. સમય અને કાર્ય
૧૦. સમય, ઝડપ અને અંતર
૧૧. કાર્ય, મહેનતાણું અને સાંકળનો નિયમ

**ભાગ–બ** **(૧૫૦ ગુણ)**

**(૧) ભારતનું બંધારણ** **(૧૦ પ્રશ્નો, ૧૦ ગુણ)**

૧. બંધારણનું આમુખ

૨. મૂળભૂત હક્કો

૩. રાજ્યનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતો

૪. મૂળભૂત ફરજો

૫. રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યપાલની સત્તાઓ, ભૂમિકા અને જવાબદારીઓ

૬. સંસદીય પ્રણાલી

૭. ભારતીય બંધારણમાં બંધારણીય સુધારાઓ, ભારતીય બંધારણમાં કટોકટીને લગતી જોગવાઈઓ

૮. કેન્દ્ર – રાજ્ય સરકાર અને તેના સંબંધો

૯. ભારતમાં ન્યાયતંત્ર

૧૦. સંવૈધાનિક સંસ્થાઓ

**(૨) વર્તમાન પ્રવાહો** **(૧૦ પ્રશ્નો, ૧૦ ગુણ)**

૧. પ્રાદેશિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાની મહત્વની સાંપ્રત ઘટનાઓ

**(૩) ગુજરાતી અને અંગ્રેજી કોમ્પ્રિહેન્શન** **(ગુજરાતી {૫ ગુણ} અને અંગ્રેજી {૫ ગુણ})**

**(૧૦ પ્રશ્નો, ૧૦ ગુણ)**

૧. સમીક્ષા, અર્થઘટન અને અનુમાનના કૌશલ્યનું મૂલ્યાંકન

ગદ્યખંડ(પેરેગ્રાફ) આપવામાં આવશે અને ગદ્યખંડના આધારે પ્રશ્નો પૂછવામાં આવશે. અથવા વિધાન પ્રકારના પ્રશ્નો પૂછવામાં આવશે.

**(૪) શૈક્ષણિક લાયકાતને સંબંધિત વિષય અને તેની ઉપયોગિતાને લગતા પ્રશ્નો**

**(૧૨૦ પ્રશ્નો, ૧૨૦ ગુણ)**

**૧. વિદ્યુત સ્થિતિમાન (ઇલેક્ટ્રિક પૉટેન્શિયલ)** **(૦૬ પ્રશ્નો, ૦૬ ગુણ)**

વિદ્યુત સ્થિતિમાન (ઇલેક્ટ્રિક પોટેન્શિયલ)નો ભૌતિક અર્થ, દ્વિધ્રુ –ધ્રુવ(Dipole)ને કારણે વિદ્યુત સ્થિતિમાન(ઇલેક્ટ્રિક પૉટેન્શિયલ) અને વિદ્યુત પ્રણાલી, સમસ્થિતિમાન પૃષ્ઠો, બે વિદ્યુતભારોના તંત્રની સ્થિતિઊર્જા અને સ્થિર ઇલેક્ટ્રિક ફિલ્ડમાં ઇલેક્ટ્રિક ડાયપોલની સ્થિતિઊર્જા.

**૨. ગૉસના પ્રમેયનું વિધાન** **(૦૬ પ્રશ્નો, ૦૬ ગુણ)**

ઇલેક્ટ્રિક ફ્લક્સ વિશે અને નીચેના કેસમાં વિદ્યુત ક્ષેત્ર (ઇલેક્ટ્રિક ફિલ્ડ) શોધવા માટે: (1) અનંત લંબાઈના રેખીય ચાર્જ વિતરણ (2) સમાન રીતે ચાર્જ થયેલું અનંત સમતલ (પ્લેન) (3) સમાન રીતે ચાર્જ થયેલ ગોળાકાર શેલ (શેલની અંદર અને બહાર)

**૩. વિદ્યુતચુંબકીય પ્રેરણ(ઇલેક્ટ્રોમેગ્નેટિક ઇન્ડક્શન)** **(૦૬ પ્રશ્નો, ૦૬ ગુણ)**

ફેરાડેનો નિયમ, પ્રેરિત ઇએમએફ અને વિદ્યુત, લેન્ઝનો નિયમ, એડી પ્રવાહ, સ્વ અને મ્યુચ્યુઅલ ઇન્ડક્શન. એસી પ્રવાહ, પીક અને આરએમએસના પ્રત્યાવર્તી (અલ્ટરનેટિંગ) પ્રવાહ અને વોલ્ટેજનાં મૂલ્યો, પ્રતિક્રિયા, રેક્ટેન્સ, ઇમ્પેડેન્સ એલસી ઓસિલેશન, એલસીઆર શ્રેણી સર્કિટ(ફેસર) - રેઝોનન્સ સર્કિટ. Q પરિબળ, AC સર્કિટમાં પાવર, વોટલેસ પ્રવાહ.

**૪. વિદ્યુતચુંબકીય (ઇલેક્ટ્રો મેગ્નેટિક) તરંગો (૦૫ પ્રશ્નો, ૦૫ ગુણ)**

લાક્ષણિકતાઓ (ગુણાત્મક), ઇલેક્ટ્રોમેગ્નેટિક તરંગોની ટ્રાન્સવર્સ પ્રકૃતિ. વિદ્યુતચુંબકીય વર્ણપટ(ઇલેક્ટ્રોમેગ્નેટિક સ્પેક્ટ્રમ), (રેડિયો, માઇક્રોવેવ્સ, પારરક્ત(ઇન્ફ્રારેડ), દૃશ્યમાન,પારજાંબલી (અલ્ટ્રાવાયોલેટ),એક્સ-રે, ગામા કિરણો અને તેમના ઉપયોગ વિશે પ્રાથમિક માહિતી), વાતાવરણમાં વિદ્યુતચુંબકીય (ઇલેક્ટ્રોમેગ્નેટિક) તરંગોનો પ્રસાર.

**૫. પ્રતિબિંબ (રિફ્લેક્શન) (૦૫ પ્રશ્નો, ૦૫ ગુણ)**

ગોળાકાર અરીસાઓ, અરીસાનું સૂત્ર, પ્રકાશનું વક્રીભવન, સંપૂર્ણ આંતરિક પ્રતિબિંબ અને તેના ઉપયોગો, ગોળાકાર લેન્સ, પાતળા લેન્સનું સમીકરણ, લેન્સની બનાવટનું સૂત્ર, મેગ્નિફિકેશન, લેન્સનો પાવર, સંપર્કમાં રહેલા પાતળા લેન્સનું સંયોજન, પ્રિઝમ દ્વારા પ્રકાશનુ વક્રીભવન અને વિક્ષેપ, મેઘધનુષ્ય, પ્રકાશનું પ્રકીર્ણન(સ્કેટરિંગ), આકાશનો વાદળી રંગ , સૂર્યોદય અને સૂર્યાસ્ત સમયે આકાશના કિરમજી રંગના રિફ્રેક્ટિવ ઇન્ડેક્સને માપવા માટે સ્પેક્ટ્રોમીટર અને તેનો ઉપયોગ

**૬. પ્રકાશીય ઉપકરણો (ઓપ્ટિકલ ઉપકરણો) (૦૫ પ્રશ્નો, ૦૫ ગુણ)**

કમ્પાઉન્ડ માઇક્રોસ્કોપ, ખગોળીય ટેલિસ્કોપ અને તેમની મેગ્નિફિકેશન શક્તિ. વેવ ફ્રન્ટ અને હ્યુજેન્સનો સિદ્ધાંત, વેવ ફ્રન્ટ (ગુણાત્મક વિચાર) નો ઉપયોગ કરીને સમતલ સપાટીઓમાંથી સમતલ તરંગોનું પ્રતિબિંબ અને વક્રીભવન, વ્યતીકરણ (ઇન્ટરફીઅરન્સ) અંગેનો યંગનો ડબલ સ્લિટ પ્રયોગ અને ફ્રિન્જિસની પહોળાઈનું સમીકરણ, સુસંગત સ્રોતો અને સ્ટેશનરી વ્યતીકરણ, એક સ્લિટ દ્વારા વિવર્તન, કેન્દ્રીય મહત્તમ પહોળાઈ, વ્યતીકરણ અને વિવર્તન વચ્ચેનો તફાવત, માઇક્રોસ્કોપ અને ટેલિસ્કોપનો રિસોલ્વિંગ પાવર, ધ્રુવીકરણ(પોલરાઈઝેશન)-પ્લેન પોલરાઈઝેશન લાઈટ, નિકોલ પ્રિઝમ, બ્રુસ્ટરનો નિયમ, પ્લેન પોલરાઇઝ્ડ લાઇટ અને પોલરોઇડનો ઉપયોગ.

**૭. અધિશોષણ** (Adsorption) **(૦૫ પ્રશ્નો, ૦૫ ગુણ)**

ભૌતિક અધિશોષણ (ફિઝિસોર્પ્શન) અને રસાયણિક અધિશોષણ (કેમિસોર્પ્શન) ; ઘન પદાર્થો પર વાયુઓના શોષણને અસર કરતાં પરિબળો; ઉત્પ્રેરક; સમરૂપી( હિમોજીનિયસ) અને વિસંયોજિત (હિટરોજીનિયસ), પ્રવૃત્તિ અને પસંદગી; એન્ઝાઇમ કેટાલિસ ; કોલોઇડલ સ્થિતિ: સાચા દ્રાવણ વચ્ચેનો તફાવત કોલોઇડ્સ અને સસ્પેન્શન વચ્ચેનો તફાવત; લાયોફિલિક, લાયોફોબિક, મલ્ટિમોલેક્યુલ અને મેક્રોમોલેક્યુલ કોલોઇડ્સ; કોલોઇડ્સના ગુણધર્મો. ટિંડલ અસર, બ્રોનિયન ગતિ (મુવમેન્ટ),ઇલેક્ટ્રોફોરેસિસ, ગઠન (કોગ્યુલેશન); ઇમલ્શન તથા તેના પ્રકારો.

**૮. હેલોઆલ્કેનસ (૦૬ પ્રશ્નો, ૦૬ ગુણ)**

નામકરણ, C-X બંધ(બોન્ડ)ની પ્રકૃતિ , ભૌતિક અને રાસાયણિક ગુણધર્મો, પ્રતિસ્થાપન પ્રક્રિયાની ક્રિયાવિધિ (mechanism of substitution reactions)

**૯. હેલોએરીન્સ** **(૦૬ પ્રશ્નો, ૦૬ ગુણ)**

C-X બંધની પ્રકૃતિ, પ્રતિસ્થાપન પ્રક્રિયા (substitution reactions) (directive influence of halogen for monosubstituted compoundsonly), ડાય ક્લોરો મિથેન, ટ્રાયક્લોરોમિથેન, ટેટ્રાક્લોરોમિથેન, આયોડોફોર્મ, ફ્રિઓન્સ, DDTના ઉપયોગો અને તેની પર્યાવરણીય અસરો.

**૧૦. આલ્કોહોલ** **(૦૬ પ્રશ્નો, ૦૬ ગુણ)**

નામકરણ, બનાવટની પદ્ધતિઓ, ભૌતિક અને રાસાયણિક ગુણધર્મો (માત્ર પ્રાથમિક આલ્કોહોલના); પ્રાથમિક, દ્વિતીયક અને તૃતીયક આલ્કોહોલની ઓળખ; નિર્જલીકરણ(ડિહાઈડ્રેશન)ની ક્રિયાવિધિ, તેના ઉપયોગો, કેટલાંક મહત્ત્વપૂર્ણ સંયોજનો - મિથેનોલ અને ઇથેનોલ. **ફિનોલ્સ** નામકરણ, બનાવટની પદ્ધતિઓ, ભૌતિક અને રાસાયણિક ગુણધર્મો, ફિનોલની એસિડિક પ્રકૃતિ, ઇલેક્ટ્રોફિલિક વિસ્થાપન પ્રક્રિયા(substitution reactions), ફિનોલ્સનો ઉપયોગ, ઈથર્સ: નામકરણ, બનાવટની પદ્ધતિઓ, ભૌતિક અને રાસાયણિક ગુણધર્મો અને તેના ઉપયોગો.

**૧૧. આલ્ડિહાઇડ્સ અને કીટોન્સ** **(૦૬ પ્રશ્નો, ૦૬ ગુણ)**

નામકરણ, કાર્બોનિલ(Carbonyl) જૂથની પ્રકૃતિ, બનાવટની પદ્ધતિઓ, ભૌતિક અને રાસાયણિક ગુણધર્મો અને ન્યુક્લકોફિલિક જોડાણની ક્રિયાવિધિ, એલ્ડિહાઇડ્સમાં આલ્ફા હાઇડ્રોજનની પ્રતિક્રિયા; અને તેના ઉપયોગ, કાર્બોક્સિલિક એસિડ્સ: નામકરણ, એસિડિક પ્રકૃતિ, બનાવટની પદ્ધતિઓ, ભૌતિક અને રાસાયણિક ગુણધર્મો અને તેના ઉપયોગ

**૧૨. નાઇટ્રોજન ધરાવતાં કાર્બનિક સંયોજનો** **(૦૬ પ્રશ્નો, ૦૬ ગુણ)**

એમાઈન્સ: નામકરણ, વર્ગીકરણ, બંધારણ, બનાવટની પદ્ધતિઓ, ભૌતિક અને રાસાયણિક ગુણધર્મો, અને તેના ઉપયોગો, પ્રાથમિક, દ્વિતીયક અને તૃતીયક એમાઈન્સની ઓળખ, સાઇનાઈડ અને આઇસોસાઇનાઈડ, ડાયઝોનિયમ ક્ષાર : તેની બનાવટ અને તેની રાસાયણિક પ્રતિક્રિયાઓ અને મહત્ત્વ.

**૧૩. પોલિમરનુ વર્ગીકરણ** **(૦૬ પ્રશ્નો, ૦૬ ગુણ)**

કુદરતી અને કૃત્રિમ, પોલિમરાઇઝેશનની પદ્ધતિઓ (યોગશીલ અને સંઘનન), કો–પોલિમરાઈઝેશન. કેટલાંક મહત્ત્વનાં કુદરતી અને કૃત્રિમ પોલિમર જેમ કે પોલિથીન, નાયલોન, પોલિએસ્ટર, બેકલાઇટ, રબર.

**૧૪. દવારૂપી રસાયણો(Chemicals in medicines)** **(૦૬ પ્રશ્નો, ૦૬ ગુણ)**

પીડાહારકો (Analgesic), પ્રશાંતકો (ટ્રાંક્વીલાઈઝર), જંતુનાશક (એન્ટિસેપ્ટિક્સ), પ્રદૂષણનાશક (disinfectants), જીવાણુનાશક (antimicrobials), ગર્ભનિરોધક (antifertility) દવાઓ, એન્ટિબાયોટિક્સ, એન્ટાસિડ્સ, એલર્જીનાશક (antihistamine).

**૧૫. ખોરાકમાં રસાયણો** **(૦૬ પ્રશ્નો, ૦૬ ગુણ)**

સંરક્ષક (પ્રિઝર્વેટિવ્સ), કૃત્રિમ ગળપણ(artificial sweetening) એજન્ટો.

**૧૬. સફાઈકારક પદાર્થો (Cleansing agents)** **(૦૬ પ્રશ્નો, ૦૬ ગુણ)**

સાબુ અને ડિટર્જન્ટઅને તેમની સફાઇ પ્રક્રિયા.

**૧૭. કોષ** **(૦૬ પ્રશ્નો, ૦૬ ગુણ)**

કાર્યાત્મક એકમ તરીકે કોષ, પ્રોટોપ્લાઝમની રચના; જળ સંબંધો; શોષણ અને વહન (પ્રસરણ, અભિસરણ, પ્લાઝમોલિસિસ, અભેદ્યતા, પાણીની સંભવિતતા, શોષણ).કોષ વૃદ્ધિ તથા વૃદ્ધિ દર, ગ્રોથ મેપ, વૃદ્ધિ - નિયમન અને હોર્મોન્સ; પુનર્જીવન અંગેની પ્રક્રિયા અને પ્રકારો. વૃદ્ધત્વ – કોષીય (સેલ્યુલર) અને બાહ્ય કોષીય (એક્સ્ટ્રા સેલ્યુલર) ફેરફારો; વૃદ્ધત્વના સિદ્ધાંતો.

સત્ત્વના ચડતા સિદ્ધાંતો (થિયરી ઓફ એસન્ટ ઓફ સેપ) :

મૂળ દબાણ (રુટ પ્રેશર), સક્શન ફોર્સ બાષ્પોત્સર્જન અને તેનુ મહત્ત્વ. બાષ્પોત્સર્જન દરને અસર કરતાં પરિબળો; પર્ણરંધ્ર (સ્ટોમેટલ) ખૂલવાની અને બંધ થવાની પદ્ધતિ ; (પોટેશિયમ આયન સિદ્ધાંત); રક્ષક કોષોની હિલચાલને અસર કરતાં પરિબળો.

**૧૮. પ્રકાશસંશ્લેષણ** **(૦૬ પ્રશ્નો, ૦૬ ગુણ)**

મહત્ત્વ, પ્રકાશસંશ્લેષણની જગ્યા (હરિતદ્રવ્ય રચનાનું કાર્યાત્મક મહત્ત્વ) ફોટોકેમિકલ અને જીવ સંશ્લેષણ (બાયો સિન્થેટિક) તબક્કાઓ. વીજાણુ પરિવહન તંત્ર (ઇલેક્ટ્રોન ટ્રાન્સપોર્ટ સિસ્ટમ)

**૧૯. પોષણ અને તેના પ્રકારો** **(૦૬ પ્રશ્નો, ૦૬ ગુણ)**

ખોરાકનાં પોષક તત્ત્વો અને વિટામિન્સ; અપૃષ્ઠવંશી પ્રાણીનુ પાચન તંત્ર (વંદો)

**૨૦. માનવ શરીરરચના** **(૦૫ પ્રશ્નો, ૦૫ ગુણ)**

માનવ હાડપિંજર, અક્ષીય (એક્ષીયલ) અને શાખાકીય (એપેન્ડિક્યુલર), મસ્તક (ક્રેનિયમ) અને પાંજરાનું હાડકું (કેજ બોન્સ); હાડકાં અને સાંધાના પ્રકારો, કાર્ટિલેજ અને તેમની વિકૃતિઓ ( કાર્થરાઇટિસ , ઓસ્ટિયોપોરોસિસ) સ્નાયુ સંકોચનની પદ્ધતિ.

**૨૧. વસ્તી** **(૦૫ પ્રશ્નો, ૦૫ ગુણ)**

પર્યાવરણ અને વિકાસ, વસ્તી વૃદ્ધિ અને તેનાં પરિબળો (Vitality, mortality, immigration, emigration, age and sex ratio)

**૨૨.** ઉપર્યુક્ત ક્ષેત્રોમાં વર્તમાન પ્રવાહ અને તાજેતરની પ્રગતિઓ

**ખાસ નોંધ:**

(૧) **Part-A** ના પ્રશ્નો ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં રહેશે.

(૨) **Part-B** માટે ભાષા નીચે મુજબ રહેશે.

(૧) ભારતનું બંધારણ અને વર્તમાન પ્રવાહોના પ્રશ્નો ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં રહેશે.

(૨) ગુજરાતી કોમ્પ્રિહેન્શનના પ્રશ્નો માત્ર ગુજરાતી ભાષામાં રહેશે.

(૩) અંગ્રેજી કોમ્પ્રિહેન્શનના પ્રશ્નો માત્ર અંગ્રેજી ભાષામાં રહેશે.

(૪) શૈક્ષણિક લાયકાતને સંબંધિત વિષય અને તેની ઉપયોગીતાને લગતા પ્રશ્નો ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં રહેશે.

(૩) સંબંધિત મુદ્દા (**Topic)** સામે દર્શાવેલા ગુણ સૂચિત ગુણ છે**.** મંડળ દ્વારા જરૂર જણાયે તેમાં ફેરફારને અવકાશ રહેલો છે. જે માટે મંડળ કોઈપણ જાતનું કારણ આપવા બંધાયેલું નથી.

(૪) અભ્યાસક્રમનું ગુજરાતી ભાષાંતર ઉમેદવારોની સમજણ માટે છે. ભાષાંતરના અર્થઘટનના કિસ્સામાં અંગ્રેજી અભ્યાસક્રમમાં દર્શાવેલ બાબતો આખરી ગણવાની રહેશે.

(૫) પરીક્ષાના પ્રશ્નો ગુજરાતી અને અંગ્રેજી એમ બંન્ને ભાષામાં હોય ત્યારે તેવા પ્રશ્નોમાં જો અર્થઘટન અંગેનો પ્રશ્ન ઉપસ્થિત થશે તો તે સંબંધે મંડળ દ્વારા સંબંધિત પ્રશ્નને ધ્યાને લઈ કરવામાં આવેલો નિર્ણય આખરી રહેશે.

(૬) સ્પર્ધાત્મક પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કીની પ્રસિદ્ધિ બાદ સ્વૈચ્છિક રીતે/ મળેલા વાંધાઓને ધ્યાને લઈ ફાઈનલ આન્સર કીની પ્રસિદ્ધિમાં કોઈ પ્રશ્ન રદ કરવામાં આવે તો**,** તેવા સંજોગોમાં રદ થયેલા પ્રશ્નના ગુણની બાકી રહેલા પ્રશ્નના ગુણભારમાં પ્રો–રેટા (**Pro-Rata)** મુજબ ગણતરી કરવામાં આવશે.

(૭) ઉમેદવાર પ્રશ્નનો સાચો જવાબ આપશે તો તે પ્રશ્નને પ્રો–રેટા અનુસાર ફાળવેલ ગુણભાર મુજબ ગુણ આપવામાં આવશે**,** ખોટા જવાબ આપવાના સંજોગોમાં પ્રશ્નને પ્રો–રેટા મુજબ જે ગુણભાર આપવામાં આવેલો હોય તેના 1/4 માર્ક ઉમેદવારે મેળવેલ ગુણમાંથી ઓછા કરવામાં આવશે.

સ્પર્ધાત્મક કસોટીની તારીખ અને કોલ લેટર ડાઉનલોડ કરવા માટેનો વિગતવાર કાર્યક્રમ હવે પછી મંડળની વેબસાઈટ પર મૂકવામાં આવશે. જેની સંબંધિત ઉમેદવારોને નોંધ લેવા આથી જણાવવામાં આવે છે.